શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ
(રજી. ટ્રસ્ટ)

# સ્નેહ-સેતુ

ત્રિમાસિક પત્રિકા

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ. ટે.: ૨૨૧૪૪૩૪૩

વર્ષ : ૮ - અંક : ૪૯ - સપ્ટે.-૨૦૨૧




WE WORK TOGETHER WE ARE A TEAM WE WILL SUCCEED

# UNIQUE ROTOPACK PVT LTD

Plot No 6,
Swastik Industrial Estate,
Nr. Virat Industrial Estate,
Indore Highway,
Tal. Daskroi Gram, Chandial,
AHMEDABAD Gujarat 382430






## MANUFACTURER:

Flexible Laminated Pouch
Mono Cartons
Specialized Boxes
Corrugated Cartons
Labels • Stickers




Tarunkumar V. Dhrafani
Bhupeshkumar V. Dhrafani
Anil Kumar V. Dhrafani

93771 72545

## INDUSTRIES SERVED

- AGARBATTI
- FOOD
- FMCG
- AGRICULTURE
- PHARMACEUTICAL
- AND MANY MORE

AHMEDABAD

Info@urplindia.com

www.urplindia.com

શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ
(રજી. ટ્રસ્ટ)

# સ્નેહ-સેતુ

ત્રિમાસિક પત્રિકા

પ્રકાશન : સપ્ટે.-૨૦૨૧ • વર્ષ : ૮ • અંક : ૪૯

## સ્નેહસેતુમાં જાહેરાતના દર



| વિગત | | આખુ પાનુ | અડધુ પાનુ | ૧/૪ પાનુ |
|---|---|---|---|---|
| આખા વર્ષના (કુલ અંક-૪) | કવર (મલ્ટીકલર) | ૧૫,૦૦૦/- | ૮,૦૦૦/- | --- |
| | ઈનસાઈડ કવર (મલ્ટીકલર) | ૧૨,૦૦૦/- | ૬,૫૦૦/- | --- |
| એક અંકના | મલ્ટીકલર પ્રિન્ટીંગ | ૪,૦૦૦/- | ૨,૫૦૦/- | --- |
| | સીંગલકલર પ્રિન્ટીંગ | ૧,૨૦૦/- | ૬૦૦/- | ૩૦૦/- |



## લખાણ મોકલવા અંગે

સંસ્થાના સભ્યો પોતાના વિચારો અને મંતવ્યો માનદ્‌મંત્રીશ્રીને મોકલી શકે છે. ઉપરાંત બાળકો, યુવકો, યુવતીઓ કે અન્ય સભ્યોએ કોઈ ક્ષેત્રે કોઈ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય કે ઉચ્ચ માન–સન્માન મેળવેલ હોય તેઓ પણ પોતાની વિગત ફોટા સાથે 'સ્નેહ–સેતુ'માં પ્રકાશન અર્થે મોકલી શકે છે. અનુકૂળતા મુજબ તે પ્રકાશિત કરવામાં આવશે.

**- માનદ્ મંત્રીશ્રી**

નોંધઃ સ્નેહ–સેતુમાં પ્રકાશિત થતા લેખો લેખકોના પોતાના વિચારો, મંતવ્યો અને સંકલન છે. તેમના આ વિચારો, મંતવ્યો કે સંકલિત માહિતી સાથે તંત્રી કે સંસ્થાના હોદ્દેદારો સહમત હોય તે જરૂરી નથી.

**- માનદ્ મંત્રીશ્રી**

## અનુક્રમણિકા


૧. સભ્યપદ અંગે ખાસ ૦૨
૨. પ્રથમ સોપાન ૦૩
૩. માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ ૦૫
૪. સંસ્થા દ્વારા કાયમી ધોરણે ચાલતી યોજનાઓ ૦૬
૫. કોષાધ્યક્ષ અહેવાલ ૦૭
૬. સૂચિતઃ ન્યુ પશ્ચિમ અમદાવાદ–સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક સમાજ ૦૮
૭. શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ ૦૯
૮. સ્નેહસેતુનો અંક મોડો રવાના થવા અંગે ૧૦
૯. ઓડીટર્સ રીપોર્ટ : ૨૦૨૦–૨૧ વર્ષનું સરવૈયુ ૧૧–૧૬
૧૦. મૈં વોલ પલ થા જો ખા ગયા સદિયાઁ... – પ્રવિણભાઈ સોલંકી ૧૭
૧૧. વડીલ વિભાગ – શ્રી વૃજલાલ એમ. દોશી ૧૯
૧૨. જોઈએ ભાઈ જોઈએ... – ગીરીશચંદ્ર લક્ષ્મીચંદ ગાંધી 'જય ગીરી' ૨૩
૧૩. કહેવતોની કેડીએ (૨) – ગીરીશચંદ્ર લક્ષ્મીચંદ ગાંધી 'જય ગીરી' ૨૪
૧૪. ગુમાવેલના દુઃખથી મળેલ સુખ... – જયેશ પરીખ (રાહી ફાઉન્ડેશન) ૨૫
૧૫. દિલનો ખાલીપો, હૈયાનો ઝુરાપો... – જયેશ પરીખ (રાહી ફાઉન્ડેશન) ૨૬
૧૬. મન્ડે માર્ક : રાજીવ મણીયાર ૨૭
૧૭. સુખ, સંવાદિતા આપતું પ્રેરક બળ – પ્રેમ... – નિરંજનભાઈ દામાણી ૨૯
૧૮. નારી તું નારાયણી... – શ્રીમતી રશ્મીબેન શાહ ૩૧
૧૯. ધ્યાન રાખજો ક્યાંક મોબાઈલ તમારા... – શ્રીમતી સુષ્માબેન રાઠોડ ૩૩
૨૦. હાસ્યનો હોજ... ૩૬
૨૧. મહિલા વિભાગ – વોર્ડ રોબ... – શ્રીમતી જયશ્રીબેન ઠાર ૩૭
૨૨. હૈયાની વાત હોઠ સુધી ૪૦
૨૩. વાનગી વિભાગ – નીતાબેન ગાંધી ૪૧
૨૪. સંસ્થા સમાચાર ૪૩
૨૫. સંસ્થાના સભ્ય થવા માટેનું ફોર્મ ૪૪

# સભ્યપદ અંગે ખાસ

- સંસ્થાના નિયમ મુજબ જે નામનું સભ્યપદ હશે તે સભ્યનું અવસાન થતાં તે સભ્યપદ રદ ગણાશે.
- આવા સંજોગોમાં સભ્યના વારસદારે કે પરિવાર ઈચ્છે તે કોઈપણ પુખ્ત ઉંમરની વ્યક્તિએ સભ્યપદ મેળવવાનું રહેશે.
- સભ્યના અવસાન બાદ જો આ રીતે નવું સભ્યપદ મેળવવામાં નહીં આવે તો તે પરિવારો સંસ્થાની વિવિધ યોજનાના લાભથી વંચિત રહેશે.

**આ અંગે ધ્યાન દોરવાનું કે...**

- હાલમાં સંસ્થાના ઘણા પરિવારોએ આ નિયમ મુજબ નવું સભ્યપદ મેળવેલ નથી.
- પરિવારમાંથી અલગ રહેવા ગયેલ ઘણા સભ્યોએ પણ હજું નવું સભ્યપદ મેળવેલ નથી.
- સંસ્થાની સહાયક યોજના માટે આવતી અરજીઓમાં આ વિસંગતતા જોવા મળે છે.

**તેથી આગામી તા. ૩૧-૦૩-૨૦૨૨ સુધીમાં**

- જે સભ્યોનું અવસાન થયું હોય તેઓના પરિવારજનોએ નવું સભ્યપદ મેળવી લેવું.
- અલગ રહેવા ગયેલા સભ્યોએ પણ નવું સભ્યપદ મેળવી લેવું.
- તા. ૩૧–૩–૨૦૨૨ સુધીમાં હાલની સભ્યપદ ફી પણ રૂા. ૫૦૦/– ભરી સભ્યપદ મેળવી શકાશે. ત્યારબાદ સંસ્થાની કારોબારી નક્કી કરશે તે પ્રમાણે ફી ભરવાની રહેશે.

**ખાસ નોંધઃ** તા. ૧–૪–૨૦૨૨ થી જે નામનું સભ્યપદ હશે તેના પરિવારનો જ સંસ્થાની વિવિધ યોજનાનો લાભ મળશે તે ધ્યાનમાં લેશો.

**ઉપરાંત, સંસ્થાના નિયમ મુજબ એક સાથે રહેતા પરિવારજનો પણ અલગ-અલગ સભ્યપદ લઈ શકે છે. પરિવારની સભ્યપદ ધરાવતી વ્યક્તિ ઉપરાંત પરિવારની પુખ્ય ઉંમરની કોઈપણ વ્યક્તિ સભ્યપદ મેળવી શકે છે. તેની પણ નોંધ લઈ ઈચ્છા ધરાવતા ભાઈઓ-બહેનો સભ્યપદ મેળવી શકશે.**

**- કમલેશ મુછાળા (માનદ્ મંત્રી)**

**(સંસ્થાના સભ્ય થવાનું ફોર્મ આ અંકના છેલ્લા પાના ઉપર પ્રકાશિત કરેલ છે)**

# અનુકરણીય પગલું

સંસ્થાના એક સભ્યનું નાની વયે આકસ્મિક દુ:ખદ અવસાન થતાં તેમના પરિવારની પુત્રીઓ નિરાધાર થઈ ગઈ. સંસ્થા દ્વારા તેમના પરિવારની રૂબરૂ મુલાકાત લઈ સાંત્વના આપવામાં આવી. ઉપરાંત તેઓની આર્થિક સ્થિતિ અત્યંત નબળી હોઈ બંને દીકરીઓના અભ્યાસના ખર્ચ અંગે પણ વિચારણા કરવામાં આવી. મોટી દીકરીને આગળ અભ્યાસ કરવાની ઈચ્છા ન હતી. નાની દીકરી જે ધો. ૭ માં અભ્યાસ કરે છે, તે હોંશિયાર છે અને તેને વધુ આગળ અભ્યાસ કરવાની ધગશ પણ છે.

તેથી સંસ્થાના એક સભ્યે આ નાની દીકરીને શૈક્ષણિક દત્તક લેવાનો ઉમદા વિચાર રજૂ કર્યો અને તેને માટે ધો. ૧૨ સુધીની સ્કૂલ ફીની વ્યવસ્થા કરવા માટે સહર્ષ તૈયારી બતાવી.

આમ તે પરિવારની એક દીકરીનો ધો. ૧૨ સુધીનો અભ્યાસ વિના વિઘ્ને પૂરૂં થાય તેવું અનુકરણીય કાર્ય કરેલ છે.

**- પ્રમુખશ્રી તથા સર્વે ટ્રસ્ટીઓ**

# પ્રથમ સોપાન

**સર્વે સ્નેહીજનો,**

**દિપાવલીના તહેવારોની શુભેચ્છાઓ પાઠવું છું.**

**શરૂ થતું નવું વર્ષ તમામ પરિવારોમાં સુખમય, શાંતિમય, સ્નેહસભર, સ્વાસ્થ્યમ અને સમૃદ્ધિમય બની રહે તેવી અંતરની અભિલાષા વ્યક્ત કરૂં છું. ગત સમયમાં ભોગવેલ મુશ્કેલીઓમાંથી, આર્થિક વિસમતાઓમાંથી અને અંતરંગ સ્વજનોના ખાલીપામાંથી ઝડપભેર બહાર આવીએ અને સુખરૂપ ભવિષ્ય તરફ પ્રયાણ કરીએ તેવી હાર્દિક શુભકામનાઓ. પરમાત્મા બધાની મનોકામના પૂર્ણ કરે તેવી પ્રાર્થના સહ...**

**બકુલ દોશીના નૂતન વર્ષાભિનંદન**



સ્નેહી સભ્યશ્રીઓ,

આ અંક તમારા હાથમાં આવશે ત્યાં સુધીમાં નવરાત્રિના રાસગરબાની રમઝટ બોલાવીને, શરદ પૂનમે પૂર્ણચંદ્રની શીતળતામાં દૂધ-પૌંવાની મજા માણીને, લક્ષ્મીપૂજન-શારદાપૂજનનો લહાવો લઈને, નવા વર્ષે સ્વજનો પ્રત્યે સ્નેહ વરસાવીને, ભાઈબીજના દિવસે ભાઈબહેન સાથેનો સ્નેહભોજનનો સ્વાદ માણીને અને લાભપાંચમે નવા વર્ષની શુભ શરૂઆત કરીને પોતપોતાના કાર્યોમાં કાર્યરત થઈ ગયા હશો.

પોણા બે વર્ષના ગાળા બાદ સંસ્થાની સામાન્ય સભાનું આયોજન શક્ય બન્યું અને સવાસોથી વધુ સભ્યો સાથેની સામાન્ય સભા જીવંત અને અર્થસભર બની રહી. સમયાંતરે સ્નેહસેતુના માધ્યમથી સંસ્થાની કાર્યવાહીની માહિતી સભ્યોને મળતી રહે છે. આમ છતાં સંસ્થાના સભ્યોમાં સંસ્થા પ્રત્યે જે નોંધનીય જાગૃતિ આવી છે તેની અને તેઓના આર્થિક સહકારથી સંસ્થાના સભ્યો માટે જે કાર્યો થઈ શક્યા છે તે અંગેની સામાન્ય સબામાં મેં કરેલ રજૂઆતના અંશો દરેક સભ્યની જાણ માટે અહીં રજૂ કરવાની રજા લઉં છું.

– સંસ્થાના તમામ સભ્યોના સાથ, બધા ટ્રસ્ટીઓ અને મહિલાવીંગ-યુથવીંગના સભ્યોની સક્રિયતા, નામી-અનામી દાતાઓની ઉદારતા અને બધાના સમન્વયથી છેલ્લા પોણા બે વર્ષના સંકટ સમયમાં સંસ્થાના સભ્યોની યથાશક્તિ સેવા કરી શક્યા છીએ. બધા સમક્ષ આ સફરની માહિતી આપતા હર્ષ થાય છે.

**આ સમયગાળામાં સભ્યો દ્વારા મળેલ ફંડ:**

(૧) કીચનકીટ (અનાજ વિતરણ) ફાળા પેટે રૂા. ૬,૦૭,૦૦૦/- (૨) કોરોના ટીફીનસેવા પેટે રૂા. ૫,૬૮,૦૦૦/- અને (૩) સામાન્ય ફાળો (કેળવણી ફંડ-તબીબી ફંડ તથા અન્ય) રૂા. ૫,૨૫,૦૦૦/- એમ કુલ **ફંડ રૂા. ૧૭,૦૦,૦૦૦/-** મળેલ છે.

**સંસ્થાના સભ્યોની સહાયતા અર્થે થયેલ ખર્ચઃ**

(૧) કોરોના પ્રથમ લહેર સમયે અનાજવિતરણ ખર્ચ પેટે રૂા. ૩,૫૦,૦૦૦/– (૨) કોરોનાની બીજી લહેર સમયે કોરોનાગ્રસ્ત પરિવારોને ઘેરબેઠા ટીફીન સેવા પેટે રૂા. ૨,૮૦,૦૦૦/– (૩) ત્રણ મહિના ૧૦૦% અને બાકીના મહિનાઓમાં ૫૦% દવા સહાય પેટે રૂા. ૨,૧૦,૦૦૦/– અને (૪) શૈક્ષણિક સહાય પેટે રૂા. ૨,૭૦,૦૦૦/– એમ **કુલ ખર્ચ રૂા, ૧૧,૦૦,૦૦૦/-**.

આમ કોરોના સંકટ માટે મળેલ અનુદાનના રૂા. ૧૧,૭૫,૦૦૦/– પૈકી રૂા. ૧૧,૦૦,૦૦૦/– જરૂરિયાતમંદ પરિવારો માટે વપરાયા. (જે હેતુ માટે ફાળો મળ્યો તે હેતુ માટે જ વપરાયો.)

આમ સમયની માંગ સાથે સંસ્થાના સભ્યો માટે હંમેશાં નિયમીત કાર્યો થતા રહે છે. દરેક સમયે જે તે સમયની કાર્યરત બોડી પોતાના ઉત્તમ પ્રયાસો દ્વારા પોતાની ક્ષમતા મુજબ કાર્યો કરતા જ હોય છે અને તો જ સંસ્થાની અવરત પ્રગતિ થઈ શકે છે. અગાઉના ટ્રસ્ટીમંડળે પણ પોતાના સાડા ત્રણ વર્ષના કાર્યકાળ દરમિયાન સંસ્થાની મુડીમાં રૂા. ૮,૭૫,૦૦૦/– નો વધારો કરેલ હતો. હાલનું ટ્રસ્ટીમંડળ પણ આજ સુધીમાં રૂા. ૧૧,૦૦,૦૦૦/– ના સહાય ખર્ચ બાદ સંસ્થાની મુડીમાં રૂા. ૬,૦૦,૦૦૦/– નો વધારો કરી શકેલ છે. આ સંસ્થા પાસે **આજે રૂા. ૫૦ થી ૫૧ લાખનું ફંડ** છે.

**સમાપન કરતા પહેલાં હજુ એક નોંધવાલાયક વાત**

આ વાત થઈ આપણી માતૃસંસ્થાની. આપણા સમાજના અન્ય ટ્રસ્ટ, શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટને પણ આ જ સમયગાળા દરમિયાન (પોણા બે વર્ષ) મળેલ અનુદાનની રકમ ગણવામાં આવે તો – આપણી જ સંસ્થાના ૨૦૦ થી વધુ નામી–અનામી–નાનામોટા દાતાઓએ (દર મહિને રૂા. ૧,૦૦,૦૦૦/– ની એવરેજથી) **રૂા. ૨૨,૦૦,૦૦૦/- નો ફાળો** આપેલ છે.

મને ચોક્કસ ખાત્રી છે કે, આ હકીકત વાંચ્યા બાદ આપણે બધા ઉન્નત મસ્તક સાથે ગર્વ મહેસુસ કરીશું.

બધા દ્વારા આવો જ સહકાર, પ્રેમ, ઉદારભાવના અને સંસ્થા માટે કંઈ કરી છૂટવાની ભાવના કાયમ પ્રદર્શિત થતા રહેશે તેવી પૂર્ણ શ્રદ્ધા છે.

બધા સતર્ક રહો, સ્વસ્થ રહો, સંપન્ન રહો અને સાથે મળીને સંસ્થાનો અવિરત વિકાસ કરતા રહીએ એવી અભ્યર્થના સહ.

**- બકુલ દોશી**

**જિંદગીનું દરેક ડગલું**
**પૂરી તૈયારી અને આત્મવિશ્વાસ સાથે ભરો.**
**કારણ કે,**
**જ્યાં આપણી હાજરી નથી હોતી,**
**ત્યાં આપણાં ગુણ-અવગુણની હાજરી અવશ્ય હોય છે...**

# માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ



**- શ્રી કમલેશ મુછાળા**

સર્વેને જયશ્રી કૃષ્ણ.

આપ સૌ મજામાં હશો. નવરાત્રી દરમિયાન સરકારી ગાઈડલાઈન આધારિત શેરીગરબાને મનભરીને માણ્યા હશે. આ અંક તમારા હાથમાં આવશે ત્યારે આપણે બધાએ દિવાળીનો પર્વ મનાવી નવા વર્ષનું સ્વપ્ન સાકાર કરવાનું આયોજન કરી રહ્યા હોઈશું.

**વિસ્તૃત અહેવાલઃ**

(૧) વર્ષ ૨૦૨૦-૨૧ ની સામાન્ય સભા કોરોના મહામારીના સરકારી પ્રતિબંધને કારણે થઈ શકી ન હતી. વર્ષ ૨૦૨૧-૨૨ ની વાર્ષિક સામાન્ય સભા તા. ૩-૧૦-૨૦૨૧ ના રોજ લાયન્સ હોલ, મીઠાખળી ખાતે યોજવામાં આવેલ. જેમાં,

વર્ષ ૨૦૧૯-૨૦ ના ઓડીટેડ વાર્ષિક હિસાબો અને વર્ષ ૨૦૨૦-૨૧ ના અનઓડીટેડ વાર્ષિક હિસાબો વંચાણે લઈ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ.

(૨) સંસ્થાના ઓડીટર શ્રી નરેન્દ્રભાઈ સી. કલ્યાણીનો એક્સીડન્ટ થતાં તેઓ ઘણાં લાંબા સમયથી કોમામાં હોઈ, વર્ષ ૨૦૨૦-૨૧ ના હિસાબો ઓડીટ થઈ શક્યા ન હતા. સામાન્ય સભાએ પરિસ્થિતીની ગંભીરતા ધ્યાનમાં લઈ અનઓડીટેડ હિસાબો મંજુર કરેલ. સાથે સાથે હવે પછી જે નવા ઓડીટરની નિમણૂંક થાય તેઓ દ્વારા આ હિસાબો ઓડીટ કરી સ્નેહ સેતુના આગામી અંકમાં પ્રકાશિત કરી, બધા સભ્યોને મોકલી આપવા તેવું સામાન્ય સભાએ ઠરાવેલ હતું. (નવા નિમાયેલા ઓડીટર કલ્યાણી એન્ડ એસોસીએટ્સ દ્વારા ઓડીટ થયેલા વર્ષ ૨૦૨૦-૨૧ ના હિસાબો આ અંકમાં પ્રકાશિત કરેલ છે તેની નોંધ લેશો.)

(૩) સંસ્થાના વર્ષ ૨૦૨૧-૨૨ ના ઓડીટર તરીકે કલ્યાણી એન્ડ એસોસીએટ્સને સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ.

(૪) સંસ્થાના સભ્યપદ અંગે વિસ્તૃત ચર્ચા થયા બાદ તે અંગે લેવાયેલ નિર્ણયની વિગતવાર માહિતી અલગથી પ્રકાશિત કરેલ છે.

**શૈક્ષણિક સહાય**

સંસ્થા તરફથી દર વર્ષે સ્કોલરશીપ તરીકે અપાતી શૈક્ષણિક સહાય ઉપરાંત કોરોના મહામારી અંતર્ગત વધારાની શૈક્ષણિક સહાય મળી કુલ રૂા. ૨,૦૦,૦૦૦/- મંજૂર કરવામાં આવેલ. આ વ્યવસ્થા અનુસંધાને સંસ્થાના ૩૮ બાળકોને કુલ રૂા. ૧,૮૫,૦૦૦/- ની શૈક્ષણિક સહાયના ચેકો આપવામાં આવેલ છે.

**- કમલેશ મુછાળા, માનદ્ મંત્રી**

# શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ



**નવા ટ્રસ્ટીની નિમણૂંક**

સંસ્થાના ટ્રસ્ટી અને માનદ્ મંત્રીશ્રી સુધીરભાઈ ગાંધીનું અવસાન થતાં નવા ટ્રસ્ટીની નિમણૂંક કરવાની હતી. આ માટે **શ્રી મયુરભાઈ મનુભાઈ શાહ (બોઘાણી)**ની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

અભિનંદન શ્રી મયુરભાઈ.

**- પ્રમુખશ્રી, સર્વે ટ્રસ્ટીઓ તથા યુથવીંગ-મહિલાવીંગના સભ્યો**

# સંસ્થા દ્વારા કાયમી ધોરણે ચાલતી યોજનાઓ

## (૧) દવામાં ૨૫% વળતર સાથે ડોર ડિલીવરી

"સ્વર્ણિમ સ્વાસ્થ્ય યોજના" અંતર્ગત સંસ્થાના કોઈપણ સભ્ય દવાના બીલમાં ૨૫% વળતર સાથે ડોર ડિલીવરી યોજનાનો લાભ લઈ શકે છે.

આ માટે સંસ્થાએ "Eswasthya Mediserve Pvt. Ltd." સાથે એમઓયુ કરેલ છે. તેઓને ૦૭૯-૪૮૪૮૪૮૪૮ ઉપર વ્હોટ્સઅપ દ્વારા પ્રિસ્ક્રીપ્શન મોકલવાથી જરૂરી દવા ૨૫% વળતર સાથે ડોર ડિલીવરી મેળવી શકશો. બીલનું પેમેન્ટ દવાની ડિલીવરી સમયે આપવાનું છે.

આ અંગેની વિગતવાર માહિતી સ્નેહસેતુના સપ્ટે. ૨૦૨૦, અંક-૪૫ માં પ્રકાશિત કરેલ છે. આમ છતાં વધુ માહિતી કે માર્ગદર્શનની જરૂરી હોય તો કોઈપણ ટ્રસ્ટીનો સંપર્ક કરશો.

વધુમાં વધુ પરિવારો આ યોજનાનો લાભ લે તેવી આશા છે.

## (૨) દવાના બીલમાં ૫૦% રોકડ સહાય

સંસ્થાના જરૂરિયાતમંદ પરિવારોને દવાના બીલમાં ૫૦% રોકડ સહાયની યોજના નિયમીત ચાલે છે. આ લાભ લેવા માટે દવાના બીલો વ્હોટ્સઅપ દ્વારા શ્રી દિલીપભાઈ કલ્યાણી (૯૮૨૫૦ ૩૬૫૩૧) ને મોકલવા. તેઓ જરૂરી કાર્યવાહી કરીને દવાના નેટ બીલની ૫૦% રકમ તમારા બેંક ખાતામાં ટ્રાન્સફર કરી આપશે.

## (૩) શૈક્ષણિક સહાય

આર્થિક રીતે સક્ષમ ન હોય તેવા પરિવારના ધોરણ ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓને મેરીટ આધારિત અપાતી નિયમીત સ્કોલરશીપ આપવાનું ચાલુ છે. વધારામાં કોવિડ-૧૯ સંકટ સમયે વધારાની શૈક્ષણિક સહાય ધોરણ ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓને પણ આપવાની છે. જરૂરિયાતમંદ પરિવારના બાળકો આ બંને યોજનાઓનો મહત્તમ લાભ લઈ શકે છે. આ માટેના ફોર્મ કોઈપણ ટ્રસ્ટી પાસેથી મેળવી શકશો અને ફોર્મ ભરીને તેઓને પરત આપી શકશો.

## (૪) મુંબઈ સ્થિત બંને ટ્રસ્ટ તરફથી મળતી શૈક્ષણિક સ્કોલરશીપ

જરૂરિયાતમંદ પરિવારના ધોરણ ૮ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ સ્કોલરશીપ મેળવી શકે છે. આ માટેના ફોર્મ પણ સંસ્થાના કોઈપણ ટ્રસ્ટી પાસેથી મળી શકશે. જે મેળવી જરૂરી માહિતી ભરી તેઓને પરત પહોંચાડી શકશો.

## (૫) ઉચ્ચ અભ્યાસ માટે વગર વ્યાજની લોન

સંસ્થાના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે રૂા. ૫૦,૦૦૦/- સુધીની વગર વ્યાજની લોનની યોજના ચાલુ છે. હવેથી દર વર્ષે ૨ (બે) વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ ઉપલબ્ધ થશે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ સંસ્થાનો સંપર્ક કરવો.

**સર્વે સભ્યશ્રીઓ, યુવકો, યુવતીઓ અને બાળકો સંસ્થાની આ બધી યોજનાઓનો વધુમાં વધુ લાભ લે તેવી ખાસ અપીલ કરીએ છીએ. સંસ્થાના સર્વે ટ્રસ્ટીઓ તથા યુથવીંગ અને મહિલાવીંગના સભ્યો સમાજની સેવા કરવા, માર્ગદર્શન પૂરૂ પાડવા અને સહકારરૂપ થવા હંમેશાં તત્પર છે અને રહેશે. કોઈપણ યોજના અંગે વિશેષ માહિતીની આવશ્યકતા હોય તો વિના સંકોચ પ્રમુખશ્રી, માનદ્ મંત્રીશ્રી કે કોઈપણ ટ્રસ્ટીનો સંપર્ક કરશો.**

**- પ્રમુખશ્રી તથા સર્વે ટ્રસ્ટીઓ**

# કોષાધ્યક્ષ અહેવાલ

- શ્રી ભૂપેન્દ્ર પારેખ (કોષાધ્યક્ષ)



સ્નેહી સભ્યશ્રીઓ,

જય શ્રી કૃષ્ણ.

જૂન-૨૦૨૧ ના અંક બાદ નીચે મુજબ ખુશી ભેટ સંસ્થાના સભ્યો તરફથી સમાજને મળેલ છે. તેની યાદી અત્રે પ્રસ્તુત કરેલ છે:

| | | |
|---|---|---|
| રૂા. | ૧,૦૦,૦૦૦-૦૦ | શ્રી મનીષભાઈ મનસુખલાલ જીવાણી (શૈક્ષણિક ક્ષેત્રે કાયમી ટ્રોફી માટે) |
| રૂા. | ૩,૦૦૦-૦૦ | શ્રી પ્રવીણભાઈ ચંદુલાલ દોશી (ટિફીન સેવા) |
| રૂા. | ૨,૧૦૦-૦૦ | શ્રી મનોજભાઈ આર. કોઠારી (મેડીકલ ફંડ) (૦૨-૦૭-૨૦૨૧) |
| રૂા. | ૨,૧૦૦-૦૦ | શ્રી મનોજભાઈ આર. કોઠારી (મેડીકલ ફંડ) (૦૨-૦૮-૨૦૨૧) |
| રૂા. | ૨,૧૦૦-૦૦ | શ્રી મનોજભાઈ આર. કોઠારી (મેડીકલ ફંડ) (૦૨-૦૯-૨૦૨૧) |
| રૂા. | ૨,૧૦૦-૦૦ | શ્રી મનોજભાઈ આર. કોઠારી (મેડીકલ ફંડ) (૦૨-૧૦-૨૦૨૧) |
| રૂા. | ૫૦૧-૦૦ | શ્રી બકુલભાઈ મણીલાલ શાહ (પૌત્ર જન્મની ખુશી નિમિત્તે) |
| રૂા. | ૫૦૦-૦૦ | શ્રી અતુલભાઈ યુ. અંબાણી (પુત્રીના લગ્ન પ્રસંગે) |
| રૂા. | ૫૦૦-૦૦ | શ્રી નિલમબેન મનીષભાઈ મહેતા (જન્મદિવસ નિમિત્તે) |
| રૂા. | ૫૦૦-૦૦ | શ્રી રશ્મીબેન એમ. શાહ (જન્મદિવસ નિમિત્તે) |
| રૂા. | ૫૦૦-૦૦ | શ્રી નરેન્દ્રભાઈ ચંદુલાલ કલ્યાણી (ખુશી ભેટ) |
| રૂા. | ૫૦૦-૦૦ | શ્રી મુકેશભાઈ આર. શાહ (ખુશી ભેટ) |
| **રૂા.** | **૧,૧૪,૪૦૧-૦૦** | **કુલ રકમ** |

ઉપરોક્ત દરેક દાતાઓનો ટ્રસ્ટી મંડળ વતી હું હૃદયથી ખૂબ ખૂબ આભાર માનું છું. કોષાધ્યક્ષના નાતે દરેક અંકમાં મારી નમ્ર વિનંતી છે કે સમાજના કાર્યમાં દરેક સભ્યનું યોગદાન જરૂરી છે. જેથી આપને ત્યાં આવતા દરેક નાના-મોટા પ્રસંગે (જેવા કે જન્મદિન, લગ્ન, સગાઈ, લગ્નતિથી, પરીક્ષામાં પાસ થવું, વાસ્તુપૂજન, વડીલોની પુણ્યતિથી નિમિત્તે) સમાજને યાદ કરીને નાનું-મોટું યોગદાન કરીને સમાજના કાર્યમાં સહભાગી થવાનો અનેરો લાભ અચૂક લેશોજી.

આપનું અનુદાન કોઈપણ ટ્રસ્ટી સભ્યને અથવા નીચે આપેલ બેંકની વિગતમાં ડાયરેક્ટ જમા કરાવીને જાણ કરશોજી.

**સંસ્થાના બેંક ખાતાની વિગત**

**A/c. Name: SHREE SAURASHTRA DASHA MODH MANDLIA VANIK MAHAAN**
**Bank: BANK OF INDIA**
**Branch : RAILWAYPURA BRANCH**
**SB A/C. NO.: 201710100009502 - IFSC CODE : BKID0002017**

અને છેલ્લે, દરેક પરિવારોનું ઉત્તમ સ્વાસ્થ્ય જળવાઈ રહે તેવી શુભકામના.

# સૂચિતઃ ન્યૂ પશ્ચિમ અમદાવાદ સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક સમાજ

**(જેમાં બોપલ, ઘુમા, શેલા, મકરબા, બકેરી સીટી, વૈષ્ણોદેવી, ગોતા, શીલજ અને સાયન્સ સીટીના 3 કિમી.ના એરીયામાં આવેલ તમામ વિસ્તારનો સમાવેશ થાય છે)**

**હરેશભાઈ એચ. દોશી**
(કન્વીનર)
૯૪૨૯૧ ૫૮૩૦૫

**હર્ષદભાઈ સી. કોઠારી**
૯૮૨૪૦ ૭૧૮૩૦

**દિપેશભાઈ એમ. પારેખ**
૯૮૨૫૨ ૩૦૪૦૨

**હાર્દિક એ. ગાંગડીયા**
૯૪૨૬૩ ૧૫૧૬૭

**નિકુંજ એચ. કલ્યાણી**
૯૪૨૬૩ ૭૨૨૦૭

હેતુ: ઉપરના વિસ્તારના વણિક સમાજના સભ્યોની યાદી બનાવવા અંગે.

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે ઉપર જણાવેલ વિસ્તારના વણિક સમાજના સભ્યોની યાદી બનાવવા જઈ રહ્યા છીએ. ઘણા સભ્યોની વિગત આવી ગઈ છે. જે વોટ્સઅપ ગ્રુપના માધ્યમથી આપને જાણ કરવામાં આવશે. ત્યારબાદ બાકી રહેતા સભ્યો આપની જાણમાં હોય તો તેમના નામ અને મોબાઈલ નં. અમોને મોકલવા વિનંતી.

નીચે જણાવેલ વિગત મુજબ દરેક સભ્યોએ પોતાના નામની નોંધણી કરાવવી.

(૧) સૌરાષ્ટ્રમાંથી આવેલ દશા મોઢ માંડલિયા વણિક સમાજના સભ્યો જેઓ ઉપર જણાવેલ વિસ્તારમાં રહેતા હોય.

(૨) જે સભ્યોની પ્રોપર્ટી ઉપરોક્ત જણાવેલ વિસ્તારમાં હોય અને સુચિત વિસ્તારની બહાર રહેતા હોય.

(૩) બહારગામથી બિઝનેસ, અભ્યાસ અથવા જોબ માટે આવેલ હોય અને ઉપરોક્ત જણાવેલ વિસ્તારમાં રહેતા હોય તેઓ તેમના નામની નોંધણી કરાવી શકે છે.

(૪) સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક સમાજની દીકરી અન્ય સમાજમાં પરણિત હોય અને તે ઉપરના વિસ્તારમાં રહેતા હોય તેઓ પણ તેમના નામની નોંધણી કરાવી શકે છે.

**ખાસ નોંધઃ** કોરોનાની પરિસ્થિતી થાળે પડ્યા પછી ઉપર જણાવેલ વિસ્તારના નોંધાયેલ સભ્યો સાથે મળીશું અને ચર્ચા વિચારણા કરી, કઈ રીતે સમાજની રચના કરવી તેનો નિર્ણય સર્વાનુમતે લેશું.

**- હરેશભાઈ એચ. દોશી (કન્વીનર)**

# શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ, અમદાવાદ



- શ્રી રાજુભાઈ દામાણી
(માનદ્ મંત્રીશ્રી)

સર્વે સભ્યશ્રીઓ,

છેલ્લા ૩ મહિના (જુલાઈ, ઓગસ્ટ, સપ્ટે. તથા ઓક્ટો.) દરમિયાન સંસ્થાને મળેલ અનુદાનની યાદી નીચે મુજબ છે:

### કીચન કીટ વિતરણ માટે મળેલ અનુદાન

| | | |
|---|---|---|
| રૂા. | ૧,૦૦,૦૦૦-૦૦ | શ્રી રીટાબેન અજયભાઈ કલ્યાણી (હ. પાર્થ-સ્વ. અજયભાઈના સ્મરણાર્થે) |
| રૂા. | ૧૫,૦૦૦-૦૦ | શ્રી દીપકભાઈ બીપીનભાઈ દોશી |
| રૂા. | ૧૫,૦૦૦-૦૦ | શ્રી મુકેશભાઈ મણીલાલ શાહ (અનમોલ ફીનસ્ટોક) |
| રૂા. | ૧૫,૦૦૦-૦૦ | શ્રી અનીલભાઈ એસ. દોશી |
| રૂા. | ૧૫,૦૦૦-૦૦ | શ્રી મયુરભાઈ મનુભાઈ શાહ |
| રૂા. | ૧૫,૦૦૦-૦૦ | શ્રી શરદભાઈ બાલુભાઈ મુછાળા |
| રૂા. | ૧૫,૦૦૦-૦૦ | શ્રી રાજુભાઈ એચ. દામાણી |
| રૂા. | ૧૫,૦૦૦-૦૦ | શ્રી બકુલભાઈ એ. દોશી |
| રૂા. | ૧૫,૦૦૦-૦૦ | શ્રી દિલીપભાઈ સી. કલ્યાણી |
| રૂા. | ૧૫,૦૦૦-૦૦ | શ્રી કમલેશભાઈ આર. મુછાળા |
| રૂા. | ૧૫,૦૦૦-૦૦ | શ્રી હરેનભાઈ બી. મહેતા તથા શ્રી ગીરીશભાઈ બી. મહેતા (લંડન) |
| રૂા. | ૧૧,૦૦૦-૦૦ | શ્રી અજયભાઈ જે. શાહ |
| રૂા. | ૧૧,૦૦૦-૦૦ | શ્રી મનીષભાઈ વી. મહેતા |
| રૂા. | ૧૧,૦૦૦-૦૦ | શ્રી શીરીષભાઈ રમેશભાઈ શાહ |
| રૂા. | ૧૦,૦૦૦-૦૦ | શ્રી ભૂપેન્દ્રભાઈ આર. પારેખ |
| રૂા. | ૫,૦૦૦-૦૦ | શ્રીમતી મીનાબેન હર્ષદભાઈ શાહ (માતૃશ્રીના શ્રાદ્ધ નિમિત્તે) |
| રૂા. | ૧,૫૦૦-૦૦ | શ્રીમતી મીનાબેન સુરેશભાઈ નાણાવટી (જન્મદિવસ ભેટ) |
| **રૂા.** | **૨,૯૯,૫૦૦-૦૦** | **કુલ રકમ** |

### દિપાવલી શુભેચ્છા કીટ

સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને દર વર્ષે દિવાળીના તહેવારો નિમિત્તે દિપાવલી શુભેચ્છા કીટનું વિતરણ કરવામાં આવે છે. આવા ૨૮ પરિવારોને દિવાળી પહેલા આ કીટ પહોંચતી કરવામાં આવી. જેમાં નીચે મુજબની ૧૫ વસ્તુઓનો સમાવેશ થાય છે: (૧) કાજુકતરી-૫૦૦ ગ્રામ (૨) મોહનથાળ-૫૦૦ ગ્રામ (૩) ચવાણું-૫૦૦ ગ્રામ (૪) નમકીન-૫૦૦ ગ્રામ (૫) કુકી બિસ્કીટ-૫૦૦ ગ્રામ (૬) મઠીયા-૫૦૦ ગ્રામ (૭) ચોળાફળી-૪૦૦ ગ્રામ (૮) ગુલાબજામુન પેકેટ-૧ (૯) સોજી-૫૦૦ ગ્રામ (૧૦) મેંદો-૫૦૦ ગ્રામ (૧૧) બેસન-૫૦૦ ગ્રામ (૧૨) મકાઈના પૌંવા-૫૦૦ ગ્રામ (૧૩) સાદા પૌંવા-૫૦૦ ગ્રામ (૧૪) સીંગતેલ-૧ લિટર અને (૧૫) મુખવાસ-૨૫૦ ગ્રામ

### સહયોગી દાતાશ્રીઓ

| | | |
|---|---|---|
| રૂા. | ૯,૦૦૦-૦૦ | શ્રી સુરેશભાઈ જે. નાણાવટી |
| રૂા. | ૫,૦૦૦-૦૦ | શ્રી દીપકભાઈ રમણીકલાલ મહેતા (મહુવા) |
| રૂા. | ૫,૦૦૦-૦૦ | શ્રી હર્ષદભાઈ દલીચંદભાઈ ગાંધી |
| રૂા. | ૪,૫૦૦-૦૦ | શ્રી શુભેચ્છક તરફથી |
| રૂા. | ૨,૫૦૦-૦૦ | શ્રી જીતેન્દ્રભાઈ જી. શાહ |
| રૂા. | ૨,૨૫૦-૦૦ | શ્રી કમલેશભાઈ આર. મુછાળા |
| રૂા. | ૨,૨૫૦-૦૦ | શ્રી ચારૂદત્ત બિહારીભાઈ શાહ (મુંબઈ) |
| રૂા. | ૨,૨૫૦-૦૦ | શ્રી બકુલભાઈ એ. દોશી |
| રૂા. | ૧,૫૦૦-૦૦ | શ્રીમતી હસુબેન મહેશભાઈ શાહ |
| રૂા. | ૧,૫૦૦-૦૦ | શ્રી મનીષભાઈ એમ. જીવાણી |
| રૂા. | ૧,૦૦૧-૦૦ | શ્રી વિમલભાઈ રમેશચંદ્ર |
| રૂા. | ૧,૦૦૧-૦૦ | શ્રી અમીતભાઈ હરીલાલ શાહ |
| રૂા. | ૧,૦૦૦-૦૦ | શ્રી બળવંતરાય શશીકાંત શાહ |
| રૂા. | ૧,૦૦૦-૦૦ | શ્રી ગીરીશભાઈ એ. શાહ |
| રૂા. | ૧,૦૦૦-૦૦ | શ્રી મહેન્દ્રભાઈ ચંદુલાલ કલ્યાણી |
| રૂા. | ૧,૦૦૦-૦૦ | શ્રી હરેશભાઈ એચ. દોશી |
| **રૂા.** | **૪૧,૭૫૨-૦૦** | **કુલ રકમ** |

શ્રી મુકેશભાઈ મણીલાલ શાહ (અણમોલ ગ્રુપ) તરફથી મઠીયા-૫૦૦ ગ્રામ, ચોળાફળી-૪૦૦ ગ્રામ અને ગુલાબજામુન પેકેટ-૧

# "સ્નેહસેતુ" નો અંક મોડો રવાના થવા અંગે

સ્નેહી સભ્યશ્રીઓ,

સંસ્થના સભ્યો હવે "સ્નેહસેતુ" નિયમીત વાંચતા અને મોડું થાય તો રાહ જોતા થયા છે. સ્નેહસેતુનો આ અંક નિર્ધારીત સમય કરતાં ૨૦ થી ૨૫ દિવસ મોડો રવાના થઈ રહ્યો છે. કારણ કે,

આપણી સંસ્થાના ઓડીટર શ્રી નરેન્દ્રભાઈ સી. કલ્યાણીને ગંભીર અકસ્માત થતાં છેલ્લા લાંબા સમયથી તેઓ કોમામાં છે અને તેથી વર્ષ ૨૦૨૦-૨૧ ના સંસ્થાના હિસાબો ઓડીટ થઈ શકે તેમ ન હતા. આથી વર્ષ ૨૦૨૦-૨૧ ના અન-ઓડીટેડ હિસાબો કારોબારીમાં મંજૂર કરી સંસ્થાની તા. ૩-૧૦-૨૦૨૧ ની સામાન્ય સભામાં મંજૂરી અર્થે વંચાણે લેવામાં આવેલ. નિયમ મુજબ શ્રી નરેન્દ્રભાઈની જગ્યાએ સામાન્ય સભા દ્વારા જ ઓડીટરની નિમણૂંક કરવાની હોય છે.

સામાન્ય સભા દ્વારા "કલ્યાણી એન્ડ એસોસીએટ્સ"ને વર્ષ ૨૦૨૧-૨૨ ના ઓડીટર તરીકે સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ. ત્યારબાદ સામાન્ય સભા દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧ ના અન-ઓડીટેડ હિસાબો સર્વાનુમતે મંજૂર કરી નક્કી કરવામાં આવ્યું કે, નવા નિમાયેલા ઓડીટર દ્વારા આ હિસાબો ઓડીટ કરી, સ્નેહસેતુમાં પ્રકાશિત કરી, દરેક સભ્યને મોકલવા.

આમ ઓડીટેડ હિસાબો આ અંકમાં પ્રકાશિત કરવાના હોઈ સ્નેહસેતુનો અંક રવાના કરવામાં વિલંબ થયો. વધુમાં આ અંક તૈયાર થતાં દિવાળીના તહેવારોમાં કુરીયરમાં આપવાનું શક્ય ન હોઈ, દિવાળી પછી આ અંક બધાને રવાના કરેલ છે, તેની નોંધ લેવા વિનંતી.

સ્નેહસેતુના આગામી અંકો નિર્ધારીત સમયે પ્રકાશિત થતા રહેશે.

સર્વેના સાથ-સહકારની અપેક્ષા સહ.

- કમલેશ મુછાળા
માનદ્ મંત્રીશ્રી

# અવનવું

- પૃથ્વીના ઉષ્ણકટિબંધ વિસ્તારોમાં વર્ષે દસેક કરોડ વાર વીજળી પડી શકે છે અને આખી પૃથ્વી પર તો દર સેકન્ડે આશરે સો વાર વીજળી પડે છે.
- ૧૮૯૬માં વિલીયમ મેકીંગ્લી અમેરિકી રાષ્ટ્રપતિપદના એવા પ્રથમ ઉમેદવાર બન્યા, જેમણે પ્રચાર માટે ટેલીફોન વાપર્યો હોય.
- ૧૯મી સદીમાં ઇંગ્લેન્ડમાં ક્ષયરોગ માટે વેમ્પાયર (લોહી ચૂસતાં ભૂત)ને જવાબદાર ઠેરવવામાં આવતાં હતાં.
- નરકનો કૂવો તરીકે ઓળખાતો યમનના રણમાં આવેલો એક મહાકાય કૂવો આજે પણ રહસ્ય છે. સપાટ અને વેરાન રણમાં ૧૦૦ ફૂટ જેટલી પહોળાઈનું કાણું ધરાવતા આ કૂવાનું તળિયું હજી શોધાયું નથી.
- દરિયાઈ કાચબા ઈંડા મૂકે ત્યારે આસપાસ નકલી માળા બનાવે છે, જેથી શિકારી પ્રાણી કે સાપને ગેરમાર્ગે દોરી ઈંડાને બચાવી શકાય.

KALYANI & ASSOCIATES
CHARTERED ACCOUNTANTS

B 604 GANESH PLAZA NAVRANGPURA
AHMEDABAD - 380009

## AUDITORS REPORT

(AS PER MAHARASHTRA PUBLIC TRUST ACT 1950 SEC 33 34 AND RULE 19)

NAME OF TRUST : **SHRI SAURASHTRA DASH MODH MANDALIA VANIK MAHAJAN - AHMEDABAD**

REGISTRATION NO. : E-8965 AHMEDABAD

WE HAVE AUDITED THE ACCOUNTS OF THE ABOVE REFERRED TRUST FOR THE YEAR ENDED ON 31-03-2021 AND BEG TO REPORT AS UNDER :-

1 THAT THE ACCOUNTS ARE MAINTAINED REGULARLY AND IN ACCORDANCE WITH THE PROVISION OF THE ACT AND THE RULES.

2 THAT RECEIPTS AND DISBURSEMENTS ARE PROPERLY AND CORRECTLY SHOWN IN THE ACCOUNT

3 THAT THE CASH BALANCES AND VOUCHERS ARE IN THE CUSTODY OF THE MANAGER OR TRUSTEE ON THE DATE OF THE AUDIT IN THE AGREEMENT WITH THE ACCOUNTS.

4 THAT BOOKS, DEEDS, ACCOUNTS VOUCHERS AND OTHER DOCUMENTS AND RECORDS REQUIRED BY US WERE PRODUCED BEFORE US.

5 THAT AN INVENTORY, CERTIFIED BY THE TRUSTEES OF THE MOVEABLE OF THE TRUST HAS/HAS NOT MAINTAINED.

6 THAT THE MANAGER/TRUSTEE APPEARED BEFORE US AND FURNISHED NECESSARY INFORMATION REQUIRED BY US.

7 THAT NO PROPERTY OR FUND OF THE TRUST WERE APPLIED FOR ANY OBJECTS OR PURPOSE OTHER THAN THE OBJECTS OR PURPOSE OF THE TRUST.

8 THAT THE AMOUNT OUTSTANDING FOR MORE THAN ONE YEAR ARE RS,3000(BSNL DEPOSIT) AND AND RS 114960.31 (INCOME TAX TDS) AND THE AMOUNT WRITTEN OFF ARE RS.25000

9 THAT NO TENDERS WERE/WERE NOT INVITED FOR REPAIRS OR CONSTRUCTION AS THEN EXPENDITURE INVOLVED DID/DID NOT EXCEED RS 5000

10 THAT NO MONEY OF PUBLIC TRUST HAS BEEN INVESTED CONTRARY TO THE PROVISION OF SECTION 35

11 THAT NO ALIENATIONS OF IMMOVEABLE PROPERTY HAVE BEEN MADE CONTRARY THE PROVISIONS OF SECTION 36

WE FURTHER REPORT THAT

ACCOUNTING POLICIES
FIXED ASSETS IS VALUED AT COST PRICE
DEPRECIATION IS PROVIDED AS PER INCOME TAX ACT
INVESTMENT IS NOT APPLICABLE
ALL INCOME & EXPENSES ARE ACCOUNTED ON ACTUAL BASIS
WITH REASONABLE ACCURACY

PLACE : B/604 GANESH PLAZA
NAVRANGPURA
AHMEDABAD - 380009

DATE : 26-10-2021

FOR M/S KALYANI & ASSOCIATES
CHARTERED ACCOUNTANTS
FIRM R NO 125663W

PARTNER
(KUSHAL A JAGAD)
M NO.- 140758
UDIN - 21140758AAAATD6430

KALYANI & ASSOCIATES Chartered Accountants F.R. No. 125663 W AHMEDABAD

THE MAHARASHTRA PUBLIC TRUST ACT, 1950
SCHEDULE VIII [VIDE RULE 17(1)]

NAME OF TRUST : **SHRI SAURASHTRA DASH MODH MANDALIA VANIK MAHAJAN - AHMEDABAD**
Address of the trust's office : B/S KAHAN FLAT,DOLATKHANA, SARANGPUR,AHMEDABAD - 380002 Phone no :- 9825445961
REGISTRATION NO. : E-8965 AHMEDABAD BALANCE SHEET AS AT : 31-03-2021
Bank Account number relating to transaction of foreign contribution of Trust
F.C.R.A. No. : NO SUCH ACCOUNTS Date __/__/__

| FUNDS & LIABILITIES | RS | RS | PROPERTY & ASSETS | RS | RS |
|---|---|---|---|---|---|
| TRUST FUNDS OR CORPUS | | | IMMOVABLE PROPERTY | | 0.00 |
| BALANCE AS PER LAST BAL SHEET | 575258.00 | | | | |
| ADDITION DURING THE YEAR | 0.00 | 575258.00 | | | |
| OTHER EARMARKED FUNDS | | | INVESTMENTS | | |
| DEPRECIATION FUNDS | | | AS PER SCHEDULE C | | 3825000.00 |
| SINKING FUNDS | | | | | |
| RESERVE FUNDS | | | | | |
| OTHER FUNDS | | | DEAD STOCK & FURNITURE | | 116926.50 |
| AS PER SCHEDULE A | 4180736.50 | 4180736.50 | AS PER SCHEDULE D | | |
| LOANS (SECURED OR UNSECURED) | | | SCHOLARSHIPS | | 0.00 |
| FROM TRUSTEES | | | OTHER LOANS | | 0.00 |
| FROM OTHERS | | | KELVANI SAHAY LOAN | | 0.00 |
| LIABILITIES | | | CURRENT ASSETS | | |
| FOR EXPENSES -SCHEDULE B | 84894.00 | | TRUSTEES | | |
| | | | STAFFS | | 0.00 |
| | | | OTHER | | 0.00 |
| FOR RENT & OTHER DEPOSITS | 0.00 | | CONTRACTORS | | 0.00 |
| FOR SUNDRY CREDIT BALANCES | 0.00 | 84894.00 | LAWYERS | | |
| | | | OTHERS - SCHEDULE E | | 43000.00 |
| INCOME & EXPENDITURE A/C | | | INCOME OUTSTANDING | | |
| BALANCE AS PER LAST BAL SHEET | 448007.62 | | RENT | | 0.00 |
| ADD : ADJUSTMENTS | 3000.00 | | INTEREST | | 82411.00 |
| ADD/ LESS CURRENT YEAR SURPLUS /DEFICIT AS PER INCOME AND EXPENDITURE ACCOUNT | 71514.00 | 522521.62 | TAX DEDUCTED AT SOURCE | | 126574.31 |
| | | | CASH & BANK BALANCE | | |
| | | | A) BANK BALANCE | | |
| | | | BANK BAL AS PER SCHEDULE F | 1160597.31 | |
| | | | B) CASH WITH TRUSTEE | 8901.00 | 1169498.31 |
| | | | INCOME & EXPENDITURE A/C | | |
| | | | SURPLUS/ DEFICIT OF THE YEAR | 0.00 | |
| | | | BALANCE AS PER LAST BAL, SHEET | 0.00 | 0.00 |
| | | 5363410.12 | | | 5363410.12 |

THE ABOVE BALANCE SHEET TO BEST OF MY/OUR BELIEF CONTAINS TRUE ACCOUNTS OF FUNDS AND LIABILITIES AND PROPERTY AND ASSETS OF THE TRUST

Saurashtra Dasha Modh Mandalia Vanik Mahajan Ahmedabad

PLACE : AHMEDABAD
DATE : 26-10-2021

SIGNATURE OF TRUSTEE
ADD: : B/S KAHAN FLAT,DOLATKHANA, SARANGPUR,AHMEDABAD - 380002

AS PER OUR REPORT OF EVEN DATE
KALYANI & ASSOCIATES
CHARTERED ACCOUNTANTS

KALYANI & ASSOCIATES Chartered Accountants F.R. No. 125663 W AHMEDABAD

PARTNER
(KUSHAL A JAGAD)
PLACE : AHMEDABAD
DATE : : 26-10-2021

| | |
|---|---|
| NAME OF TRUST | : **SHRI SAURASHTRA DASH MODH MANDALIA VANIK MAHAJAN - AHMEDABAD** |
| ADDRESS | : B/S KAHAN FLAT,DOLATKHANA, SARANGPUR,AHMEDABAD - 380002    Phone no :- 9825445961 |
| REGISTRATION NO. | : E-8965 AHMEDABAD |

SCHEDULE A

SCHEDULE OF EARMARKED FUNDS

| NAME | OPENING BALANCE | ADDITION | DEDUCTION | CLOSING BALANCE |
|---|---|---|---|---|
| KELVANI (EDUCATION) SAHAY FUND | 1241723.00 | 0.00 | 0.00 | 1241723.00 |
| VADI CONSTRUCTION FUND | 515596.50 | 0.00 | 0.00 | 515596.50 |
| GENERAL FUND | 248700.00 | 0.00 | 0.00 | 248700.00 |
| MEDICAL FUND | 866027.00 | 0.00 | 0.00 | 866027.00 |
| NEW VADI BUILDING FUND | 196689.00 | 0.00 | 0.00 | 196689.00 |
| MEDICLAIM YOJANA FUND | 25000.00 | 0.00 | 0.00 | 25000.00 |
| LATE SAVITABEN LAXMICHAND DOSHI CONSOLATION PRIZES FUND | 51000.00 | 0.00 | 0.00 | 51000.00 |
| LATE AMRATLAL SHAMALJI PATEL EDUCATION FUND | 100000.00 | 0.00 | 0.00 | 100000.00 |
| LATE LILAVATIBEN RASIKLAL SHAH EDUCATION FUND | 25000.00 | 0.00 | 0.00 | 25000.00 |
| LATE LILAVATIBEN RASIKLAL SHAH MEDICAL FUND | 75000.00 | 0.00 | 0.00 | 75000.00 |
| LATE NILABEN ANILBHAI DOSHI MEDICAL FUND | 125000.00 | 0.00 | 0.00 | 125000.00 |
| LATE CHANDRIKABEN HARSHADBHAI SHAH EDUCATION FUND | 111000.00 | 0.00 | 0.00 | 111000.00 |
| LATE SAMRATHBEN AMRUTLAL DOSHI AND AMRUTLAL JIVANLAL DOSHI MEDICAL FUND | 100000.00 | 0.00 | 0.00 | 100000.00 |
| KIRITKUMAR NANDLAL KALYANI EDUCATION FUND | 250001.00 | 0.00 | 0.00 | 250001.00 |
| MUNJAL BAKULBHAI DOSHI MEDICAL FUND | 0.00 | 100000.00 | 0.00 | 100000.00 |
| SHRI MAHENDRABHAI P SHAH(GALIWALA) MEDICAL FUND | 150000.00 | 0.00 | 0.00 | 150000.00 |
| | 4080736.50 | 100000.00 | 0.00 | 4180736.50 |

SCHEDULE B

LIABILITIES FOR EXPENSES

| | |
|---|---|
| Raj Graphic | 74894.00 |
| Unpaid Accounting Fees | 6000.00 |
| Unpaid Audit Fees | 4000.00 |
| | 84894.00 |

SCHEDULE C

INVESTMENTS

| | |
|---|---|
| HDFC LTD FIXED DEPOSIT | 3400000.00 |
| BANDHAN BANK FIXED DEPOSIT | 325000.00 |
| BANK OF INDIA FIXED DEPOSIT | 100000.00 |
| | 3825000.00 |

SCHEDULE D

SCHEDULE OF FIXED ASSETS

| NAME OF ASSETS | OPENING BALANCE | ADDITION | DEDUCTION | CLOSING BALANCE |
|---|---|---|---|---|
| CHAIR A/C | 51475.50 | 0.00 | 0.00 | 51475.50 |
| FAN A/C | 8280.00 | 0.00 | 0.00 | 8280.00 |
| STEEL UTENSILS DEAD STOCK A/C | 28421.00 | 0.00 | 0.00 | 28421.00 |
| TABLE A/C | 28750.00 | 0.00 | 0.00 | 28750.00 |
| | 116926.50 | 0.00 | 0.00 | 116926.50 |

SCHEDULE E

SCHEDULE OF OTHER ADVANCES

| | |
|---|---|
| TELEPHONE DEPOSIT A/C | 3000.00 |
| HEENABEN RAJENDRABHAI SHAH | 40000.00 |
| | 43000.00 |

SCHEDULE F

SCHEDULE OF BANK BALANCES

| | |
|---|---|
| BANK OF INDIA A/C NO 20171010009502 STATION RD BRANCH,AHMEDABAD | 1155297.31 |
| BANK OF INDIA BUILDING FUND A/C NO 204810110000327 GURUKUL RD BRANCH,AHMEDABAD | 5300.00 |
| | 1160597.31 |

KALYANI & ASSOCIATES
Chartered Accountants
F.R. No. 125663 W
AHMEDABAD

THE MAHARASHTRA PUBLIC TRUST ACT, 1950
SCHEDULE IX [VIDE RULE 17(1)]

NAME OF TRUST : **SHRI SAURASHTRA DASH MODH MANDALIA VANIK MAHAJAN - AHMEDABAD**
Address of the trust's office : B/S KAHAN FLAT,DOLATKHANA, SARANGPUR,AHMEDABAD - 380002    Phone no :- 9825445961
REGISTRATION NO. : E-8965 AHMEDABAD
Bank Account number relating to transaction of foreign contribution of Trust
F.C.R.A. No. : NO SUCH ACCOUNTS    Date __/__/____

INCOME & EXPENDITURE ACCOUNT FOR THE YEAR ENDING ON 31 ST MARCH 2021

| EXPENDITURE | RS | RS | INCOME | RS | RS |
|---|---|---|---|---|---|
| TO EXP. IN RESPECT OF PROPERTIES | | | BY RENT [ACCRUED/REALIZED] | | 46900.00 |
| RENT TAXES & CESSES | | 13044.00 | | | |
| ELECTRIC BILL EXP | | 4390.00 | | | |
| TO REPAIRS & MAINTAINANCE | | 0.00 | BY INTEREST [ACCRUED/REALISED] | | |
| TO SALARIES | | 40200.00 | ON SECURITIES | | |
| TO INSURANCE | | 0.00 | ON LOANS | | |
| | | | ON INCOME TAX REFUND | | |
| TO 'DEPRECIATION [PROVISION/ADJUST] | | 0.00 | ON BANK SAVING /FDR/INVESTMENT | | 302709.00 |
| TO BONUS EXPENSES | | 0.00 | DIVIDEND | | |
| TO OTHER EXPENSES | | 0.00 | ON FFD/HDFC BOND | | |
| CONVEYANCE EXPENSES | | 0.00 | BY DONATION IN CASH OR KIND | | 606565.00 |
| TO ESTABLISHMENT EXPENSES | | | | | |
| AS PER SCHEDULE G | | 553886.00 | | | |
| TO REMUNERATION TO TRUSTEES | | | | | |
| TO REMUNERATION (IN CASE OF MATH) | | | BY GRANTS | | |
| TO LEGAL EXPENSES | | | | | |
| TO AUDIT FEE EXPENSES | | | BY OTHER INCOME | | |
| TO CONTRIBUTION & FEES | | | - LIFE TIME MEMBERSHIP FEES | 1500.00 | |
| TO AMOUNTS WRITTEN OFF | | | - SNEH SETU ADVERTISEMENT INCOME | 4000.00 | 5500.00 |
| BAD DEBTS | | | | | |
| LOAN SCHOLARSHIP | | | | | |
| IRRECOVERABLE RENT | | | | | |
| OTHER ITEMS | | | | | |
| TO OTHER MISCELLANEOUS EXP. | | | BY TRANSFER FROM RESERVE FUND | | |
| BANK COMMISSION | | | | | |
| TO DEPRECIATION | | 0.00 | | | |
| TO AMOUNT TRANS.TO RESERVE FUND | | | | | |
| OR SPECIFIC FUND | | | | | |
| TO EXPENDITURE ON OBJECT OF TRUST | | | | | |
| RELIGIOUS | 0.00 | | | | |
| EDUCATIONAL | 121157.00 | | | | |
| MEDICAL | 137483.00 | | | | |
| RELIEF OF POVERTY | 0.00 | | | | |
| OTHER CHARITABLE OBJECT | 20000.00 | 278640.00 | | | |
| TOTAL EXPENSES | | 890160.00 | TOTAL INCOME | | 961674.00 |
| TO SURPLUS CARRIED TO BAL SHEET | | 71514.00 | BY DEFICIT CARRIED TO BAL SHEET | | 0.00 |
| | | 961674.00 | | | 961674.00 |

Shri Saurashtra Dasha Modh Mandalia Vanik Mahajan Ahmedabad

AS PER OUR REPORT OF EVEN DATE
KALYANI & ASSOCIATES
CHARTERED ACCOUNTANTS

KALYANI & ASSOCIATES Chartered Accountants F.R. No. 125663 W AHMEDABAD

PARTNER
(KUSHAL A JAGAD)
PLACE : AHMEDABAD
DATE : : 26-10-2021

PLACE : AHMEDABAD
DATE : : 26-10-2021

SIGNATURE OF TRUSTEE
ADD: : B/S KAHAN FLAT,DOLATKHANA, SARANGPUR,AHMEDABAD - 380002

| | |
|---|---|
| NAME OF TRUST | : **SHRI SAURASHTRA DASH MODH MANDALIA VANIK MAHAJAN - AHMEDABAD** |
| ADDRESS | : B/S KAHAN FLAT,DOLATKHANA, SARANGPUR,AHMEDABAD - 380002    Phone no :- 9825445961 |
| REGISTRATION NO. | : E-8965 AHMEDABAD |

SCHEDULE G

SCHEDULE OF ESTABLISHMENT EXP

| | |
|---|---|
| Accounting Exp | 6000.00 |
| Audit Fees | 4000.00 |
| Bank Charges | 472.00 |
| Courier and Postage Exp | 29477.00 |
| Covid Help Exp | 350115.00 |
| Electric Exp | 1615.00 |
| General and Misc Exps | 5515.20 |
| Meeting Exp | 7215.00 |
| Modh Mahoday Exp | 6711.80 |
| Printing Exp | 4248.00 |
| Sneh Setu Magazine Printing Exp | 85609.00 |
| Stationary & Xerox Exp | 11125.00 |
| Sundry Balance written off | 25000.00 |
| Telephone Exps | 3201.00 |
| Washing Exps | 13582.00 |
| | 553886.00 |

KALYANI & ASSOCIATES Chartered Accountants F.R. No. 125663 W AHMEDABAD

# સદ્ગત સભ્યોને હાર્દિક શ્રદ્ધાંજલિ

**સંસ્થાના નીચે જણાવેલ સભ્યોના દુ:ખદ અવસાન થયેલ છે. સંસ્થા તેઓના અવસાનથી રંજની લાગણી અનુભવે છે. અવસાન પામેલ નીચેના તમામ સદ્ગત પ્રત્યે સંસ્થા હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.**

**પરમકૃપાળુ પરમાત્મા તેઓના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવા સાથે તેઓના પરિવારજનો પ્રત્યે અંતરની સંવેદના વ્યક્ત કરીએ છીએ.**

(૧) સ્વ. કૃષ્ણકાંત વૃજલાલ ગાંડીયા

(૨) સ્વ. નીલેશભાઈ લક્ષ્મીચંદ શાહ (લીંબડીવાળા)

(૩) સ્વ. પ્રેમીલાબેન હિંમતલાલ મહેતા

(૪) સ્વ. રમનલાલ ત્રીકમદાસ શાહ

(૫) સ્વ. જીજ્ઞેશભાઈ રસીકલાલ દિવાન

(૬) સ્વ. હસુમતીબેન ભગવતરાય શાહ (બાબરીયા)

(૭) સ્વ. સરોજબેન પ્રફુલકુમાર દોશી

(૮) સ્વ. સવિતાબેન નટવરલાલ શાહ

(૯) સ્વ. સરલાબેન વનમાળીદાસ રૂપાણી

ૐ શાંતિ: ૐ શાંતિ: ૐ શાંતિ:

**- પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ અને યુથવીંગ-મહિલાવીંગના સભ્યો**

# મૈં વો પલ થા જો ખા ગયા સદિયાઁ, સબ ઝમાને ગુઝર ગયે મુઝમેં!

- પ્રવીણ સોલંકી



શ્રાવણ મહિનો મને પ્રિય છે. કેટલાકને એટલા માટે પણ પ્રિય હોય છે કે આ મહિનામાં વધારેમાં વધારે રજા આવે છે. મને બે કારણસર પસંદ છે. પહેલું કારણ શંકર અને શ્રીકૃષ્ણના મહિમાનો મહિનો છે અને બીજું કારણ શંકર-જયકીશન મારા પ્રિય સંગીતકાર છે. શ્રાવણ માસ એટલે શંકર - જય (કીશન)ના મહિમાને યાદ કરવાનો માસ. ખેર ! વાત શ્રાવણની નથી કરવી, કૃષ્ણની કરવી છે.

શ્રાવણ માસમાં મોટા ભાગે સ્ત્રીઓ જાતજાતના વ્રત રાખે છે. કેટલાક પુરૂષો વ્રતને બદલે જુગાર રમવાની વૃત્તિ રાખે છે. એક વાર આવી વ્રતવૃત્તિ રાખનારૂં જૂથ જુગાર રમતા પકડાયું અને પોલીસે દંડ કર્યો. આ વાતની મિત્રજૂથમાં ચર્ચા થતા એકે ઉકળીને જુગારીઓની તરફેણમાં દલીલ કરી, - સાલો ઘોર અન્યાય છે. જુગાર તો કૃષ્ણના જમાનામાં છડેચોક રમાતો. કૃષ્ણ કરે એ લીલા અને આપણે કરીએ તે ગુનો? આ સાંભળીને માઝી સટકલી. મેં કહ્યું, ફાવે તેવી દલીલ ન કર. કૃષ્ણે ક્યારેય જુગારની પુષ્ટિ નથી કરી. પછી ભેંસ આગળ ભાગવત કરવાનું મેં માંડી વાળ્યું.

"કૃષ્ણ કરે એ લીલા" એ કહેવત ઉક્તિ હંમેશાં ખોટી રીતે જ વપરાતી આવી છે. એ હું જોતો આવ્યો છું. એ જ રીતે કૃષ્ણને કપટી, દગાબાજ, છળકપટ કરનારા તરીકે ઓળખાવતા લોકો મને હંમેશાં અજ્ઞાની લાગ્યા છે. કૃષ્ણના દરેક છળકપટ પાછળ મુખ્ય ઉદ્દેશ્ય એક જ હતો - ધર્મની રક્ષા કરવાનો, અધર્મ અને અધર્મીઓનો નાશ કરવાનો.

જયદ્રથને હણવા, દુર્યોધનને મારવા, દ્રોણાચાર્યનો વધ કરવા, કર્ણને પરાજિત કરવા, ભીષ્મ પિતામહને સંહારવા શ્રીકૃષ્ણે છળકપટ કર્યું એ વાત ખૂબ જ પ્રચલિત છે. એની ચર્ચા પણ ખૂબ થઈ છે. પરંતુ આજે મારે કૃષ્ણના છળની એક ખૂબ ઓછી જાણીતી અને અત્યંત મહત્ત્વની વાત કરવી છે. વાત છે બર્બરીકની. લોકોએ બર્બરીકનું નામ, તેની શક્તિ, તેની ભક્તિ, ત્યાગ અને વીરતાની વાત ભાગ્યે જ સાંભળી હશે. કોણ હતો આ બર્બરીક???

મહાભારતનું યુદ્ધ ૧૮ દિવસ ચાલ્યું. કહેવાય છે કે જો બર્બરીક મહાભારતનું યુદ્ધ લડ્યો હોત તો મહાભારતનું યુદ્ધ માત્ર ૧૮ મિનીટમાં જ પૂરૂં થઈ ગયું હોત. કૌરવ-પાંડવની અઢારેય અક્ષોહિણી સેના કુરૂક્ષેત્રના મેદાનમાં ઢળી પડી હોત. કેમ?

ભીમ હિડીંબા નામની રાક્ષસણીને પરણ્યો હતો. માયાવી અને ક્રુર રાક્ષસ હિડંબની એ બહેન હતી. તે શક્તિશાળી, અસ્ત્ર-શસ્ત્રની નિષ્ણાત અને દેવીભક્ત હતી. આજે પણ મનાલીમાં હિડીંબા મંદિર મોજૂદ છે. તેની કુખે ઘટોત્કચનો જન્મ થયો. એ ઘટોત્કચનો પુત્ર એટલે બર્બરીક. બર્બરીકની માતા મોરવીને મા કાનાખ્યાએ અનેક અદ્‌ભૂત શક્તિઓ પ્રદાન કરેલી. બર્બરીક જન્મ્યો ત્યારથી જ અણીયાળા વાંકડીયા વાળ હતા એટલે એનું નામ બર્બરીક પડ્યું. તે નાનપણથી ખૂબ જ બળવાન અને ધાર્મિક હતો. તેણે ઉગ્ર તપ કરીને મા દુર્ગા પાસેથી ત્રણ ચમત્કારીક બાણ પ્રાપ્ત કર્યા હતા એટલે એ ત્રણ બાણધારી તરીકે પણ ઓળખાતો થયો. તેણે અગ્નિદેવ પાસેથી તપસ્યા કરી અલૌકિક ધનુષ્ય પણ મેળવેલ હતું.

બર્બરીકને જાણ થઈ કે ટૂંક સમયમાં મહાભારતનું યુદ્ધ થવાનું છે. તેને યુદ્ધમાં ભાગ લેવાનું મન થયું. માતા પાસે તેણે પોતાની ઈચ્છા વ્યક્ત કરી. માતાએ કહ્યું, તું યુદ્ધ લડ તેમાં મને વાંધો નથી. સમરાંગણ તો વીરોનું મોસાળ છે, પરંતુ તું કોના પક્ષે લડીશ? બર્બરીકને આ પ્રશ્નથી આશ્ચર્ય થયું. બોલ્યો, સ્વાભાવિક છે પાંડવોના પક્ષે, દાદાના પક્ષે. મોરવીએ કહ્યું, ના, યુદ્ધમાં જે હારતો હોય તેના પડખે તારે ઉભા રહેવાનું. નબળાનું રક્ષણ કરવું એ સબળાનો ધર્મ છે. માતાની શરત માન્ય રાખીને બર્બરીકે કુરૂક્ષેત્ર તરફ પ્રયાણ કર્યું.

વાત કૃષ્ણના કાન સુધી પહોંચી. તેઓ જાણતા હતા કે બર્બરીક પાસે ત્રણ અલૌકિક બાણ એવા છે કે જે ઘડીના છઠ્ઠા ભાગમાં ત્રણેય લોકોને પરાસ્ત કરી શકે છે. વળી, માતા મોરવીની શરતની પણ ખબર પડી. કૃષ્ણએ વિચાર્યું કે કૌરવની સેના ભલે મોટી હોય પણ શક્તિ અને મનોબળ નબળા છે. બર્બરીક જો તેમના પક્ષે લડે તો જોતજોતામાં પાંડવસેનાનો કચ્ચરઘાણ નીકળી જશે અને જેવા પાંડવો નબળા પડશે કે બર્બરીક પાછો તેના પક્ષે ઉભો રહે તો કૌરવ સેનાનો કોળીયો કરી નાખશે. આમ બંને પક્ષ ખુવાર થઈ જાય તો પરિણામ શૂન્ય આવશે.

કૃષ્ણ બ્રાહ્મણનો વેશ ધારણ કરી બર્બરીકને મળ્યા. પૂછ્યું, હે વત્સ કઈ તરફ પ્રયાણ છે? કુરૂક્ષેત્રના યુદ્ધ તરફ. કૃષ્ણએ મજાક કરતાં કહ્યું, માત્ર ત્રણ બાણથી? બર્બરીકે નમ્રતાથી જવાબ આપ્યો, વિપ્રદેવ, મારૂં એક જ બાણ કુરૂક્ષેત્રને રગદોળી નાખવા સમર્થ છે. આ સંવાદો પીપળાના ઝાડની છાંયામાં ચાલતા હતા. અચાનક એક પાંદડું કૃષ્ણના પગ પાસે પડ્યું. કૃષ્ણએ એ પગ નીચે દબાવીને કહ્યું, જો તારા એક બાણમાં આવી શક્તિ હોય તો ઝાડ પર અને આસપાસ જે પાંદડા છે એ બધાને એક બાણથી વીંધી બતાવ.

બર્બરીકે પ્રાર્થના કરીને સરસંધાન કર્યું. પલભરમાં એક પછી એક પાંદડા વીંધાવા લાગ્યા. પછી બર્બરીકે કૃષ્ણને ચેતવણી આપતા કહ્યું કે, હે ભૂદેવ, તમારો પગ હટાવી લો. તમને ઈજા થાય એવું હું નથી ઈચ્છતો. મને ખબર છે કે આપના પગ નીચે એક પાંદડુ છે. કૃષ્ણ આશ્ચર્યચકિત થતા બોલ્યા, વત્સ ધન્ય છે તારી શક્તિને. આવા શક્તિશાળી યોદ્ધા પાસે હું કેવા દાનની આશા રાખું? બર્બરીક બોલ્યો, આપ માગશો તો ત્રણેય લોક તમારા ચરણોમાં લાવી દઈશ. કૃષ્ણ બોલ્યા, મારે એનાથી પણ વિશેષ મુલ્યવાન વસ્તુ જોઈએ છે. બર્બરીકે ક્ષણભરનો ય વિલંબ ન કરતાં કહ્યું, માગો ન આપું તો હું પાંડવકુળનો નહીં. કૃષ્ણએ તક ઝડપી લઈને તરત કહ્યું, મારે તારૂં શીશ જોઈએ છે.

બર્બરીક પળભરમાં સમજી ગયો કે, આ બ્રાહ્મણ નથી. તેણે કહ્યું, મારૂં વચન મિથ્યા નહીં જાય. પહેલા આપ આપના મુળ સ્વરૂપમાં આવો. કૃષ્ણએ બર્બરીકને પોતાના વિરાટ સ્વરૂપના દર્શન કરાવ્યા. બર્બરીક ધન્ય ધન્ય થઈ જતાં બોલ્યો, પ્રભુ મારૂં શીશ આપના ચરણોમાં છે, પણ મારી એક ઈચ્છા છે કે મારે મહાભારતનું પળેપળનું યુદ્ધ નજરોનજર જોવું છે.

કૃષ્ણએ બર્બરીકનું શીશ ઉતારી એને દિવ્ય દ્રષ્ટિ આપી. કુરૂક્ષેત્રના મેદાનથી દૂર એક પહાડી જગ્યાએ ગોઠવ્યું, જ્યાંથી બર્બરીક તે બરાબર નિહાળી શકે. એ સ્થળનું નામ "ખાટું". એ સ્થળ આજે પણ ખાટું–શ્યામ તરીકે ઓળખાય છે અને પૂજાય છે.

**સમાપન :**

**આપનારા કદી વિચારતા નથી,**

**બહુ વિચારનારા કદી આપી શકતા નથી.**

# વડીલ વિભાગ

- શ્રી વૃજલાલ એમ. દોશી



## ભાગવતનો સાર

### ભક્તિ શા માટે ? ભક્તિનું ફળ શું?

સેવાનું ફળ સેવા છે, મેવા નહીં. મુક્તિની પણ આશા કરશો નહીં. ભાગવતનો મુખ્ય વિષય છે નિષ્કામ ભક્તિ. ભોગ ભોગવવાની ઈચ્છા છે ત્યાં ભક્તિ રહેતી નથી. ભોગ એ ભક્તિમાં બાધક છે. ભક્તિનું ફળ ભોગ નથી, પૈસા નથી, પ્રતિષ્ઠા નથી. ભક્તિનું ફળ ભગવાન છે. ભોગ માટે ભક્તિ કરે તેને ભગવાન વહાલા નથી, તેને સંસાર વહાલો છે. લૌકિક સુખ માટે ભગવાનની પ્રાર્થના ન કરો. લૌકિક સુખ માટે ભક્તિ ન કરો. લૌકિક સુખ માટે ભક્તિ કરે છે તે ભગવાનના સ્વરૂપને જાણતો નથી. ભોગ માટે ભક્તિ નહિ, ભગવાન માટે ભક્તિ કરો.

**વૈષ્ણવ કોણ?**

કેટલાક લોકો કહે છે કે ભગવાન મારૂં આટલું કામ કરી આપજો. ત્યારે કહેશે કે તું મારો નોકર કે હું તારો નોકર? મારૂં કામ કરવા ઠાકોરજી આવે તેવો વિચાર કરે તે વૈષ્ણવ કહેવાય? નહીં જ. સાચો વૈષ્ણવ તો વિચાર છે. મારૂં કામ ભગવાન કરે એમ ભગવાનને કેમ કહેવાય? હું તો ભગવાનનો દાસ છું. કામ માટે રામ નથી, રામ માટે જ રામ છે. સાચા ભક્તો ભગવાન પાસે કંઈ માગતા નથી, પણ પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કરે છે.

ભગવાન પાસે કંઈ માગો તો તે વેપાર થયો, ભક્તિ નહીં.

ભગવાન પાસે કેટલાક પુત્ર માગે છે, કેટલાક પૈસા માગે છે. ભગવાન પાસે કંઈ માગો તો ભગવાનને ખોટું લાગે છે. ભગવાન વિચારે છે કે મારૂં કામ કરવા કોઈ મંદિરમાં આવતા નથી પણ પોતાનું કામ મારા મારફત કરાવવા આવે છે. સાચો વૈષ્ણવ તો કહે છે, મારી આંખ, મારી બુદ્ધિ, મારૂં મન, મારૂં સમગ્ર હું આપને સમર્પણ કરવા આવ્યો છે. વૈષ્ણવ પ્રભુ પાસે મુક્તિ પણ માગતા નથી. મને દર્શન આપો એમ પણ કહેતા નથી. વૈષ્ણવ કહે છે કે હું તો એટલું માગું છું કે તમારી સેવા કરતા હું તનમય બનું. માંગવાથી પ્રેમનો ભંગ થાય છે. પ્રેમ ઓછો થાય છે. પ્રભુથી અજાણ્યું કંઈ નથી. વૈષ્ણવ માને છે કે બહુ ધન મળશે તો હું અભિમાની થઈશ. હું ભાન ભૂલી જઈશ. એટલે પ્રભુએ કૃપા કરીને ઓછું આપ્યું છે. તેમ ઠાકોરજીએ આપણને વિવેકથી આપ્યું એટલે સંસારનું સુખ તેને વિશેષ આપતા નથી. માગવાથી પ્રેમ ઓછો થાય છે. ભગવાન પાસે કંઈ માગશો નહીં. ભગવાનને તમારા ઋણી બનાવજો. રામચંદ્રજીનો રાજ્યાભિષેક થયા પછી તેઓએ દરેક વાનરોને ભેટસોગાદ આપી નવાજેશ કરે છે. પરંતુ તેઓ હનુમાનજીને કંઈ આપતા નથી. આ જોઈ સીતાજી ગ્લાનિ થઈ માતાજી કહે, આ હનુમાનને પણ કાંઈ આપોને. હનુમાનને કેમ કંઈ આપતા નથી? હું શું આપુ? હનુમાનનો બદલો મારાથી વાળી શકાય એમ નથી. હનુમાને મને તેમનો ઋણી બનાવ્યો છે. ભગવાને હનુમાનજીને કહ્યું, પતિ ઉપકાર કરે કા તોરા, સન્મુખ ન સકત મુખ મોરા.

**સકામ ભક્તિનું ફળ અને નિષ્કામ ભક્તિનું ફળ**

સકામી ભક્તો જે જે દેવતાઓની પૂજા કરે છે તે તે દેવતાઓ દ્વારા હું તેમને ઈચ્છીત ભોગો આપું છું. પરંતુ

મારી જ નિષ્કામ ભક્તિ કરનારા ભક્તો મને પ્રાપ્ત કરે છે. ભગવાન પાસે પૈસા માંગશો તો ભગવાન પૈસા આપશે પણ ભગવાન મળશે નહીં. તમે ભગવાન પાસે માંગશો તો જેટલું માંગશો તેટલું જ તે આપશે. પ્રભુ પાસે કંઈ માંગતો નથી તેને ભગવાન બધુ આપે છે. પ્રભુ પાસે માંગશો તો પ્રેમ ઓછો થશે. વ્યવહારમાં પણ એક મિત્ર બીજા મિત્ર પાસે ન માગે ત્યાં સુધી જ બન્ને મિત્રોમાં પ્રેમ રહે છે. ગોપીઓ આંખ શ્રી કૃષ્ણને આપે છે. મન શ્રી કૃષ્ણને આપે છે. મારે મારા પ્રભુ પાસે કાંઈ માંગવું નથી. મારૂં સર્વસ્વ શ્રી કૃષ્ણને આપવું છે. ભગવાન પાસે માંગશો તો પ્રેમમાં ભંગ થશે. એમ માનો કે પ્રભુએ મને ઘણું આપ્યું છે. ઘણાં દર વર્ષે ડાકોર જાય છે. રણછોડરાયજીને પ્રાર્થના કરે છે કે, મહારાજ છ વર્ષથી આપના દર્શને આવું છું. હજુ મારે ત્યાં બાબો આવ્યો નથી. ભગવાન કહે છે, જા તને બાબો આપ્યો પણ તારો ને મારો સંબંધ હવે છૂટ્યો. તે મારી સેવા કરી તેના બદલામાં મેં તને સંપત્તિ આપી, સંતતિ આપી. તારો મારો સંબંધ હવે પૂરો થયો. તમારી ભક્તિથી ભગવાન તમારે ત્યાં પધારે તો બધુ આવશે. બધુ મળે પણ ભગવાન ન આવે તો એ બધું ધૂળ સમાન છે. ઠાકોરજીએ ઓછું આપ્યું હોય તો માનવું કે મારા ઠાકોરજી પરિપૂર્ણ છે, પણ મારી લાયકાત નથી એટલે ઓછું આપ્યું છે. પરમાત્મા તો અતિ ઉદાર છે, પણ હું લાયક નથી તેથી પ્રભુએ આપ્યું નથી. દીકરો લાયક ન હોય તો પિતા પણ પુત્રને પૈસા આપતા નથી. તમે લાયક થશો એટલે મુક્તિ મળશે જ.

**સાચા પ્રેમનું લક્ષણ**

ધન્ય છે વ્રજ ભક્તોને. ગોકુળ અને મથુરા વચ્ચે કંઈ બહુ અંતર નથી તેમ છતાં તેઓ શ્રીકૃષ્ણને મળવા ગયા નથી. ગોપી પ્રેમમાં પાગલ બને છે ત્યારે અનુભવ કરે છે કે શ્રીકૃષ્ણ મારી સાથે છે. એક સખી વિચારે છે કે હું ત્યાં મળવા જઈશ પણ હું ત્યાં મળવા જાવ અને ઠાકોરજીને કાંઈક પરિશ્રમ થાય તો ? તેઓને સંકોચ થાય તો? મારા લીધે ઠાકોરજીને પરિશ્રમ ન થવો જોઈએ. પરમાત્માના દર્શન કરતા મને તો આનંદ થશે પણ મને જોતા મારા ઠાકોરજીને કદાચ સંકોચ થાય કે આ ગામડાની ગોવાલણો સાથે હું રમતો હતો? ના ના મારે મથુરા ત્યજવું નથી. મારા પ્રેમમાં જ કંઈક ખામી હશે એટલે તેઓ મને છોડીને ગયા છે. એ તો મારો જ દોષ કે મને છોડીને ગયા છે. મારો પ્રેમ સાચો હશે તો જરૂર તેઓ ગોકુળ આવશે. ત્યાં સુધી હું વિયોગનું દુ:ખ સહન કરીશ. પ્રભુના વિયોગમાં આંસું પાડવામાં ઘણું સુખ મળે છે. ઠાકોરજીના વિયોગમાં તેનું સ્મરણ થતાં તેને મિલન જેટલો આનંદ મળે છે. ઠાકોરજીનો વિયોગ હોય તો બધુ હોવા છતાં દુ:ખ છે. ગોપીઓમાં આવો પ્રેમ છે તેથી શ્રી કૃષ્ણ કહે છે કે મને ગોકુળમાં ગોપીઓ સાથે જે આનંદ મળ્યો છે તે દ્વારકામાં નથી. ગોપીઓનો પ્રેમ નિષ્કામ છે. ભગવાનનો આશ્રય લે તે નિષ્કામ બને છે.

**ગોપીઓનો શ્રીકૃષ્ણ માટેનો દિવ્ય પ્રેમ**

ગોપીઓની આવી ભક્તિથી પરમાત્મા ગોપીઓના ઋણમાં રહ્યા છે. ગોપીપ્રેમનો મહિમા જોવા જેવો છે. શ્રીકૃષ્ણ એક વખત બિમાર પડ્યા. પ્રભુ બિમાર શું પડે? પ્રભુએ બિમાર પડવાનું નાટક રચ્યું. નારદજી ત્યાં આવ્યા. પ્રભુએ વાત કરી. રોગની દવા છે પણ અનુમાન મળતું નથી. પૂછ્યું – અનુમાન તરીકે શાની જરૂર છે? શ્રીકૃષ્ણે કહ્યું કે કોઈ પ્રેમી ભક્તની ચરણરજ, કોઈ વૈષ્ણવ પોતાના ચરણની રજ અનુમાન તરીકે આપે તો મારો રોગ સારો થાય. શ્રીકૃષ્ણની પટરાણીઓ પાસે પદરજની માંગણી કરવામાં આવી. સઘળી રાણીઓ આંચકો અનુભવે છે. પ્રાણનાથને ચરણરજ આપીએ તો મોટું પાપ લાગે અને નરકમાં જવું પડે. નરકમાં કોણ જાય? પદરજ આપીશું નહીં. બીજા પાસે પણ ચરણરજની માંગણી કરવામાં આવી. કોઈ તૈયાર ન થયું. નારદજી થાકીને

વ્રજમાં આવ્યા. ગોપીઓએ વાત સાંભળી કે અમારા કૃષ્ણ બિમાર છે. જો તેઓ સારા થતા હોય તો અમારી ચરણરજ આપવા અમે તૈયાર છીએ. તેના બદલામાં અમને જે દુ:ખ ભોગવવાનું આવશે તે ભોગવીશું. જો અમારો કનૈયો સુખી થતો હોય તો અમે નરકની યાતનાઓ પણ સહન કરવા તૈયાર છીએ. ગોપીઓએ ચરણરજ આપી. નારદજી તે લઈ દ્વારકા આવ્યા શ્રીકૃષ્ણનો રોગ સારો થયો. પટરાણીઓ લજવાઈ ગઈ. નિષ્કામ પ્રેમની પરીક્ષા થઈ. નિષ્કામ ભક્તિ એ ભાગવતનો મુખ્ય વિષય છે.

**મૃત્યુ એટલે હિસાબ આપવાનો દિવસ**

ઈશ્વરને અપેક્ષા રહે છે કે મનુષ્યને મન, બુદ્ધિ આપી તેનું તેણે શું કર્યું? મૃત્યુ એટલે હિસાબ આપવાનો દિવસ. જેનું જીવન શુદ્ધ છે તેનો હિસાબ ચોખ્ખો છે. જીવને હિસાબ આપવાની બીક લાગે છે. ઈન્કમટેક્ષ ઓફીસરને એક-બે લાખનો હિસાબ આપવો પડે છે ત્યારે બીક લાગે છે. ત્યારે આખા જીવનનો હિસાબ પ્રભુ માંગશે ત્યારે શું દશા થશે? તેનો વિચાર કર્યો છે કોઈ દિવસ?

**વાસનાના આવરણથી જીવ ઈશ્વરને ઓળખી શકતો નથી**

એક મનુષ્યને જાણવા મળ્યું કે ગંગાકિનારે રહેતા એક સંત મહાત્મા પાસે પારસમણી છે. પારસમણી મેળવવા તે સંતની સેવા કરવા લાગ્યો સંતે કહ્યું કે ગંગાસ્નાન કરીને આવું અને આવીને તને પારસમણી આપીશ. સંત ગયા. પેલાનું મન અધીરૂં થયું. સંતની ગેરહાજરીમાં આખી ઝુંપડી ફરી વળ્યો પરંતુ પારસમણી હાથ ન લાગ્યો. સંત પધાર્યા. સંતે કહ્યું કે આટલી ધીરજ ન રાખી શક્યો? પારસમણી તો મેં દાબડીમાં મૂકી રાખ્યો છે એમ કહી એક દાબડી નીચે ઉતારી. આ પારસમણી લોખંડની દાબડીમાં હતો. પેલા મનુષ્યને શંકા ગઈ કે આ પારસમણી લોખંડની દાબડીમાં છે છતાં આ લોખંડની દાબડી સોનાની કેમ ન થઈ? સંતે સમજાવ્યું કે તું જુએ છે ને કે પારસમણી એક ચીંથરામાં બાંધેલો છે. કપડાના આવરણને લઈને પારસમણી અને લોખંડનો સ્પર્શ થઈ શકતો નથી એટલે દાબડી સોનાની ક્યાંથી થાય? કારણ કે પારસમણી ચીંથરામાં બાંધેલો હતો. ચીંથરાનું આવરણ હતું તેવી રીતે ઈશ્વર હૃદયમાં જ છે પણ વાસનાના આવરણને લઈને તેનું મિલન થતું નથી એટલે એ જીવ ઈશ્વરને ઓળખી શકતો નથી અને મળી શકતો નથી.

જીવાત્મા એ દાબડી છે. પરમાત્મા એ પારસમણી છે. વચમાનું ચીંથરું દૂર કરવાનું છે. અહંતા મમતારૂપી ચીંથરૂ દૂર કરવાનું છે.

**સંયમ પાળ્યા વગર કોઈ સુખી થયો નથી**

સંસાર સુખરૂપ નથી, દુ:ખરૂપ છે. ધીરે ધીરે વૈરાગ્યને વધારી ભક્તિને વધારજો. વૈરાગ્ય વગર ભક્તિ રડે છે. ભોગ ભક્તિમાં બાધક છે. ભોગમાં પ્રતિક્ષણે આનંદ ઓછો થાય છે. ભક્તિમાં પ્રતિક્ષણે આનંદ વધતો જાય છે. આંખનો સંયમ વધારો, જીભનો સંયમ વધારો અને મનનો સંયમ વધારો. જે જોવાની જરૂર લાગે તે જ જુઓ. બોલ્યા વગર છૂટકો ન હોય ત્યારે જ બોલો. સંયમ વગર સુખી થવાતું નથી. સંયમ વગર ભક્તિમાં આગળ વધાતું નથી. જે ઈન્દ્રીયોનો ગુલામ છે તે ઠાકોરજીની સેવા કરી શકતો નથી. સંયમ અને સદાચારને વધારશો તો ભક્તિનો આનંદ આવશે. સુખી થવું હોય તો સંસારના વિષયો સાથે બહુ પ્રેમ ન કરવો. વૈરાગ્યને ઘરમાં જ કેળવો. વૈરાગ્ય વગર જ્ઞાન અને ભક્તિની શોભા નથી. જ્ઞાન અને વૈરાગ્ય સાથે ભક્તિ વધે તો ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે.

**શુકદેવજી અને નારદજીની પરીક્ષા : કોણ શ્રેષ્ઠ?**

જનકરાજાના દરબારમાં એક વખત શુકદેવજી અને નારદજી પધારેલા. શુકદેવજી બ્રહ્મચારી છે, જ્ઞાની છે. નારદજી પણ બ્રહ્મચારી છે. ભક્તિમાર્ગના આચાર્ય છે. બન્ને મહાન પુરૂષો છે, પરંતુ આ બેમાંથી શ્રેષ્ઠ કોણ? જનકરાજા સમાધાન કરી શક્યા નહીં. પરીક્ષા કર્યા વગર તે શી રીતે નક્કી થઈ શકે? જનકરાજાની રાણી સુનયનાએ બીડું ઝડપ્યું. હું બન્નેની પરીક્ષા કરીશ. સુનયના રાણીએ બન્નેને પોતાના મહેલમાં બોલાવ્યા અને હિંડોળા ઉપર બેસાડ્યા. બાદમાં સુનયના રાણી શણગાર સજીને આવ્યા અને બન્નેની વચ્ચે હિંડોળા ઉપર બેસી ગયા. આથી નારદજીને સહેજ સંકોચ થયો. હું બાલબ્રહ્મચારી છું. મને તપસ્વીને આ સ્ત્રી અડકી જશે અને કદાચ મારા મનમાં વિકાર આવશે તો? તેઓ સહેજ દૂર ખસ્યા ત્યારે શુકદેવજી તો અહીં કોણ આવીને બિરાજ્યું તેનું કંઈ ભાન નથી. તેને સ્ત્રી પુરૂષનું ભાન નથી. તેઓ દૂર ખસતા નથી. સુનયનાએ નિર્ણય આપ્યો કે આ બન્નેમાં શુકદેવજી શ્રેષ્ઠ છે. એમને સ્ત્રીત્વ કે પુરૂષત્વનું પણ ભાન નથી. સ્ત્રીત્વ અને પુરૂષત્વનું ભાન થાય ત્યાં સુધી ઈશ્વર મળતા નથી. સ્ત્રી અને પુરૂષત્વનું ભાન ભૂલાય ત્યારે ભક્તિ સિદ્ધ થઈ એમ માનવું. શુકદેવજીને સ્ત્રીમાં સ્ત્રીત્વ દેખાતું નથી. તેને સર્વમાં બ્રહ્મભાવ થયો છે. સર્વમાં બ્રહ્મ દેખાય છે. પુરૂષત્વ અને સ્ત્રીત્વનું સ્મરણ છે ત્યાં સુધી કામ છે. તે સ્મરણ જાય એટલે કામ મરે છે. જગતમાં બ્રહ્મચારી ઘણાં મળે છે, પણ બ્રહ્મદ્રષ્ટિ સ્થિર થઈ હોય એવા મળતા નથી. શુકદેવજીનું કેવળ બ્રહ્મજ્ઞાની નથી. તેમની બ્રહ્મદ્રષ્ટિ સ્થિર થઈ છે. બ્રહ્મદ્રષ્ટિ સ્થિર હોય તો જ જ્ઞાન મળે છે. શુકદેવજી જગતને બ્રહ્મરૂપે જોવે છે. એક કમળાના રોગમાં એવી શક્તિ છે કે કમળો થયો હોય તેને આખું જગત પીળું દેખાય છે. તો બ્રહ્મદ્રષ્ટિ રાખનારને આખું જગત બ્રહ્મરૂપ દેખાય છે. તેમાં શું આશ્ચર્ય આંખ ઉઘાડી હોય અને જેનું મન સ્થિર રહે છે તેનું જ્ઞાન સાચું છે. આંખ બંધ કર્યા પછી જેનું મન સ્થિર રહે તેનું જ્ઞાન કાચું છે. બ્રહ્મચર્યા કરનારા સુલભ છે. શુકદેવજી જેવી બ્રહ્મદ્રષ્ટિ રાખનારા સુલભ નથી. બ્રહ્મદ્રષ્ટિ રાખવી કઠણ છે. એવા પુરૂષને ભાગવત ભણવાની જરૂર નથી.

વ્રજલાલ એમ. દોશીના જય શ્રી કૃષ્ણ.

## અવનવું

- બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકાની સેનામાં ફરજ બજાવનારા વિલીયમ ગોસેટે ગ્રેજ્યુએટ થવાનું એમનું સપનું હાઈસ્કૂલ છોડ્યાનાં ૮૦ વર્ષ પછી પૂરૂં કર્યું, જ્યારે એમની ઉંમર ૯૭ વર્ષની હતી.
- અમુક પ્રકારના કાપડને જમીનમાં કોહવાતાં ૪૦ વર્ષ જેટલો સમય નીકળી જાય છે.
- ૨૦૧૭માં સાઉદી અરેબિયામાં એક પ્રાચીન સરોવરમાં મળી આવેલા માનવપગનાં નિશાન આધુનિક મનુષ્યના હોવા છતાં આશરે ૧૨,૦૦૦ વર્ષ જૂના હોવાનું અનુમાન થઈ રહ્યું છે.
- આલ્બર્ટ આઈન્સ્ટાઈને એની સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક ફોર્મ્યુલાને જે પત્રમાં હાથેથી લખી સમજાવી હતી એ પત્ર થોડા વખત પહેલાં હરાજીમાં બાર લાખ ડોલરમાં વેચાયો.
- કન્જોઈન્ડ ટ્વિન્સ એટલે કે એક જ શરીરમાં જોડાયેલાં બાળકોમાં ૧૯૫૧માં જન્મેલા રોની અને ડોની ગેલિયોન સૌથી લાંબું જીવ્યા. ગયા વર્ષે એમનું અવસાન થયું. બન્નેનું શરીર છાતીના નીચેના ભાગથી એક જ શરીરમાં જોડાયેલું હતું.

# જોઈએ ભાઈ જોઈએ...

- ગીરીશ એલ. ગાંધી "જય ગીરી"



- ભોજનમાં ભાવ જોઈએ
- વર્તનમાં વિવેક જોઈએ
- ભક્તિમાં ભાવના જોઈએ
- આભારમાં ભાર જોઈએ
- દેવામાં દાનત જોઈએ
- શિક્ષણમાં સાક્ષાત્કાર જોઈએ
- પ્યારમાં પરખ જોઈએ
- ધંધામાં ધગશ જોઈએ
- આંગણામાં આવકાર જોઈએ
- ધર્મમાં ધ્યાન જોઈએ
- દિલમાં દિલાવરી જોઈએ
- પ્રવાસમાં પ્રસન્નતા જોઈએ
- સુખમાં સંતોષ જોઈએ
- જાત્રામાં જાન જોઈએ
- કલમમાં કસબ જોઈએ
- ભાગ્યાનો ભેરૂ જોઈએ
- ઘરમાં ઘરોબો જોઈએ
- અપેક્ષા માટે અરમાનો જોઈએ
- પરિચયમાં પરખ જોઈએ
- મુંઝવણનો માર્ગ જોઈએ
- સેવામાં સહકાર જોઈએ
- રસોડામાં રાશન જોઈએ
- બહાદુરીમાં બળ જોઈએ
- વાણીમાં વિનય જોઈએ
- સ્વભાવમાં સાલસતા જોઈએ
- ઈશ્વરમાં આસ્થા જોઈએ
- જુવાનીમાં જોમ જોઈએ
- ઉધારમાં ઈજ્જત જોઈએ
- સંસ્કારમાં સુવાસ જોઈએ
- કુટુંબમાં કેળવણી જોઈએ
- નોકરીમાં નિષ્ઠા જોઈએ
- સત્કારમાં સારપ જોઈએ
- ચતુરાઈમાં ચાલ જોઈએ
- જ્યોતમાં ઝળકાટ જોઈએ
- ગીતમાં ગુંજન જોઈએ
- દુઃખમાં દેવ જોઈએ
- પ્રસંગમાં પોરસ જોઈએ
- પહેરવેશમાં પદ્ધતિ જોઈએ
- મુશ્કેલીમાં મિત્ર જોઈએ
- પુરૂષાર્થ સાથે પ્રારબ્ધ જોઈએ
- નામના માટે કામના જોઈએ
- પ્રયત્નોનું પરિણામ જોઈએ
- જીવનમાં જાગૃતિ જોઈએ
- શિખામણમાં સાતત્ય જોઈએ
- રસોઈમાં રસ જોઈએ
- શાનમાં સમજણ જોઈએ

હનુમાનજીનો હાથ હોય, શ્રીનાથજીનો સાથ હોય,
શ્રી મહાપ્રભુજીની મહેર હોય, શ્રી યમનાજીનું આચમન હોય
પછી જોઈએ તે મળી રહે મારા વહાલા...

# કહેવતોની કેડીએ (૨)

- ગીરીશ એલ. ગાંધી "જય ગીરી"

| જૂની કહેવત | નવી કહેવત |
|---|---|
| – રાજાને ગમે તે રાણી, છાણા વિણતા આણી | વરને ગમી તે વહુ, વાસણ ઉટકતી આણી |
| – પેટ કરાવે વેઠ | હુકમ કરે જેઠ |
| – હાથના કર્યા હૈયે વાગ્યા | હાજર થયા કે હુકમ છૂટ્યા |
| – માગ્યા વગર મા પણ ન પીરસે | જાણ્યા વગર જુલમ કરાય |
| – આશા અમર છે | પત્નીને ખબર છે |
| – પ્રાણ જાય પણ વચન ન જાય | માર ખાય પણ જીદ ન જાય |
| – જેવો સંગ તેવો રંગ | જેવો સોદો તેવો તોડ |
| – ગામને મોઢે ગરણું ન બંધાય | નણંદની જોડે વાદ ન થાય |
| – દેખ્યાનું ઝેર છે | પરણ્યા પછી દઝાય |
| – ક્યાં રાજા ભોજ અને ક્યાં ગંગુ તૈલી | ક્યાં મારા પિતા અને ક્યાં તેણીના પિતા |
| – ઝેરના પારખા ન હોય | વાણીમાં વિવેક ન હોય |
| – લંકાની લાડી ને ઘોઘાનો વર | લખપતિની લાડીને કરજ કરીને વારી |
| – દયા ડાકણને ખાય | ધિરાણ કરીને વ્યાજ ખાય |
| – કર ભલા તો હોગા ભલા | કરો કામ તો મળે દામ |
| – જેની લાઠી તેની ભેંસ | જેની જીભ તેની જીત |
| – સો દાડા સાસુના એક દાડો વહુનો | સો દાડા બાપના એક દાડો દિકરાનો |
| – જૂનું એટલું સોનું | દેખાય તેટલું સંઘરો |
| – પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય | ચડતી જોઈ અદેખાઈ થાય |
| – ચોર કોટવાળને દંડે | સસરા જમાઈને વંદે |
| – મન, મોતી, કાચ તૂટ્યા સંધ્યા નહીં | સાસરીયાની જરૂરિયાત ક્યારે પૂરી થાય નહીં |
| – એક મ્યાનમાં બે તલવાર ન રહે | એક ઘરમાં દેરાણી જેઠાણી ન રહે |
| – દિકરી ને ગાય દોરે ત્યાં જાય | નથુ ને નાથી ખેંચે ત્યાં જાય |
| – મેતો મારે નહીં અને મેતો ભણાવે નહીં | સાસુ વણે નહીં અને નણંદ તળે નહીં |
| – ભણ્યા પણ ગણ્યા નહીં | પરણ્યા પણ પામ્યા નહીં |
| – દૂધનો દાઝેલ છાશ પણ ફૂંકી ફૂંકીને પીવે | ડરનો માર્યો ચીપી ચીપીને બોલે |
| – પૈસા હાથનો મેલ છે | પતિ હાથનો ખેલ છે |
| – ઉંટ મેલે આંકડો અને બકરી મેલે કાંકરો | પત્ની મૂકે મમરો અને પતિ થાય આકરો |
| – ગાજ્યા મે વરસે નહીં | માગ્યો મોહ મળે નહીં |
| – પુત્રના લક્ષણ પારણામાં | વહુના લક્ષણ બારણામાં |
| – દરજી જીવે ત્યાં સુધી સીવે | સાસુ જીવે ત્યાં સુધી સાંભળે |
| – મઢી સાંકડી અને બાવા જાજા | સાસરીયું નાનું અને પિયરીયા જાજા |

# ગુમાવેલના દુ:ખથી મળેલ સુખની મજા વધુ છે



**શ્રી જયેશ પરીખ (ઉપપ્રમુખ, સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર - બૃહદ)**

પ્રિય પરિવાજનો,

જીવનમાં "હોવું જોઈએ" અને "છે" ની વચ્ચે માનસિક સંતુલન કરવા આવડી જાય તો ઘણી સમસ્યાનો અંત આવી શકે છે. એક નાનકડી ગેરસમજ એક મોટી દિવાલ ઊભી કરી દે છે, અને આ સંબંધોમાં પડેલી તિરાડથી વૈમનસ્ય પેદા થાય છે. કડવાશ, કટુતા અને કકળાટનું બિનજરૂરી સર્જન કરવામાં આપણે નિમિત્ત બની જઈએ છીએ. આવા સમયે સમજણનો સેતુ કે બ્રિજ કે પુલ બાંધવાની જરૂર છે. દિવાલ એક જણ બાંધી શકે છે, જ્યારે સેતુ બાંધવા બન્ને બાજુની જરૂર પડે છે. સેતુ એટલે જોડવાની વાત છે. સંયુક્ત શક્તિનો સંચય થવાથી તાકાત અને મજબૂતાઈ વધે છે.

મિત્રો, આજની ઘડી રળિયામણી... તે કેવી સુંદર, પ્રેરક અને પ્રોત્સાહક વાત છે. હકારાત્મકતાનો સંદેશ આપે છે. વીતી ગયેલું સુખ, સરી ગયેલો સમય અને બોલાઈ ગયેલ શબ્દ માનવીને અસહાય અને મજબૂર બનાવે છે. યાદ રાખજો, આ પરિસ્થિતી તમારા વર્તમાનને ઝૂંટવી ના લે એ આપણે જોવાનું છે. માનવતાના માર્ગદર્શક અને પ્રેરણાના પથદર્શક બનવા માટે બે વસ્તુ યાદ રાખો.

(૧) મને મળ્યું છે એવું દુ:ખ કોઈને પણ ન મળે, (૨) મને મળ્યું છે એવું સુખ બધાને (સર્વેને) મળે.

આ વિચારધારાને અપનાવવાથી સુખમાં છકી નહીં જવાય અને દુ:ખના પ્રસંગે વિચલીત નહીં થવાય. મનમાં સમભાવ, આદરભાવ અને સદ્‌ભાવનું પ્રાગટ્ય થશે. સુખ અને દુ:ખના સમયમાં સ્થિતપ્રજ્ઞતા અને સ્થિતિસ્થાપકતા જે વ્યક્તિ જાળવી શકે તેની જીવનયાત્રા સદૈવ ખુશનુમા રહે છે.

મિત્રો, જીવનશૈલી કેવી હોવી જોઈએ? ક્યા ગુણ અપનાવવાથી જીવન ઉત્તમમાંથી સર્વોત્તમ બની શકે? સિદ્ધી અને સમૃદ્ધિના સોપાનો સર કરવા માટે જીવન પંચામૃત આપને અર્પણ.... માનવે (૧) સર્જનમય (૨) સૌજન્યમય (૩) સમર્પણમય (૪) શક્તિમય (૫) શાંતિમય બનવાનો હરહંમેશ પ્રયત્ન કરવો જોઈએ. માણસે તેની નિરંકુશ ઈચ્છા ઉપર અંકુશ લગાવવો અનિવાર્ય છે. કોઈએ હળવી પળોમાં કહ્યું છે કે ઈશ્વરને પણ માણસને તથાસ્તુ કહેતા ડર લાગે છે. કેમ કે આજનો માનવ ફૂલ ધરાવીને બગીચો માંગે છે.

મિત્રો આદરણીય શ્રી ગની દહીંવાલાની પંક્તિ માણીએ...

હજારો કોડ, ટૂંકી જિંદગાની લઈને આવ્યો છું...
સમય થોડો અન લાંબી કહાની લઈને આવ્યો છું...

મિત્રો, જો સન્માનના અભિલાષી હોવ તો, હંમેશાં યાદ રાખો...

શ્રદ્ધા જ્ઞાન આપે છે, નમ્રતા માન આપે છે, યોગ્યતા સ્થાન આપે છે.

પદ, પાવર અને પ્રતિષ્ઠા પામવા માટે પહેલા સત્કાર્યો કરીને સન્માનના અધિકારી બનવું પડે છે. બોલવાનું મન થાય તો સાંભળવાની ઈચ્છા પણ કેળવણી જ રહી. કોઈને સંભળાવી દેવાની વૃત્તિ ત્યજવી પડશે.

મિત્રો, ગઈ ગુજરી ભૂલી જાવ. આજના આનંદને કેન્દ્રસ્થાને રાખો. આનંદની આજ માટે પ્રભુનો આભાર માનો અને સોનેરી આવતીકાલ આપને પ્રભુ પ્રદાન કરે તે માટે પ્રાર્થના કરો. પળપળ નિજાનંદમાં વિતે તેવી શુભેચ્છા.

**- જયેશ અને નિહારીકાના પ્રણામ (રાહી ફાઉન્ડેશન)**

# દિલનો ખાલીપો, હૈયાનો ઝુરાપો ને હૃદયનો રાજીપો...

**શ્રી જયેશ પરીખ (ઉપપ્રમુખ, સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર - બૃહદ)**

પ્રિય પરિવાજનો,

માનવ જીવનના હૈયાની હળવાશ અને મનની મોકળાશ સદૈવ રાજીપાનું પ્રાગટ્ય કરે છે. કોઈને દિલનો ખાલીપો, શૂન્યમસ્કતા અને રિક્તતા ગમતી નથી, સાથોસાથ હૈયાનો ઝુરાપો, એકલતા અને નિરવ એકાંત ગમતું નથી. સથવારો અને સધિયારો હંમેશાં શોધતો માણસ રાજીપાની ખોટમાં અટવાયેલો હોય છે. એકલતામાં માનવી અકળામણ, ગૂંગળામણ અને ગભરામણની પરિસ્થિતીમાં દિશાવિહીન થઈ જાય છે. માર્ગ ભૂલીને હતાશા અને નિરાશાની ગર્તામાં ધકેલાઈ જાય છે.

મિત્રો, સુખ શબ્દ બધાને ગમે છે. સુખી થવું દરેકની પ્રાથમિકતા હોય છે. માનવી સમગ્ર જીવનકાળમાં સુખનું સરનામું શોધતો હોય છે. દરેક માનવીના સુખના માપદંડ અલગ અલગ હોય છે. ઘણા લોકો સગવડને સુખ માનતા હોય છે. આમાં સાચું સુખ પરિભાષિત થતું નથી. જ્યારે ભિતરમાંથી સુખની લાગણી પ્રગટે, સ્નેહની સરવાણી ફૂટે, અંતરમાંથી આનંદનો અભિષેક થાય, પારિવારીક પ્રસન્નતા મુખ ઉપર રહે અને ખુશીનો ખજાનો ખુલી જાય ત્યારે સાચા સુખની સહાનુભૂતિ થાય. સુખની સુગંધની પ્રાપ્તિ કરવી હોય તો માણીએ મનનીય પંક્તિ...

આખી જિંદગી અત્તર છાંટીને મરી જાશું... તો પણ રાખમાંથી સુગંધ નહીં આવે,<br>
પણ કોઈના અંતર આત્માને જો ઠારિયે, તો આપણે શ્વાસે શ્વાસે સુગંધ આવશે....

વર્લ્ડ હેપીનેસ ડે દર વર્ષે મનાવવામાં આવે છે. હેપીનેસ ઈન્ડેક્ષ દર વર્ષે બહાર પાડવામાં આવે છે. એમાં ૧૫૫ દેશોને હેપીનેસનો ક્રમાંક આપવામાં આવે છે. એક સમયનો વિશ્વગુરૂ એવો ભારત દેશ આજે સુખમય જીવનયાત્રામાં કેમ પાછળ પડી ગયો? જ્યાં ઘી-દૂધની નદીઓ વહેતી હતી, આર્થિક સદ્ધરતા, માનસિક મજબૂતાઈ, સામાજિક સમરસતા અને જેની પાસે સમૃદ્ધ વૈદિક વારસો હતો એ મહાન ભારત દેશને અને તેના સંસ્કૃત અને સંસ્કારી નાગરિકો સુખની લાઈનમાં કેમ પાછળ પડી ગયા તે આંતર મૂલ્યાંકન કરવાની સૌને ફરજ છે. ફિનલેન્ડ જેવો નાનકડો દેશ હેપીનેસ ઈન્ડેક્સમાં છેલ્લા ત્રણ વર્ષથી નંબર ૧ રહે છે. આપણા પાડોશી દેશ ભૂતાનમાં હેપીનેસ ડિપાર્ટમેન્ટ છે. ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટની જેમ ગ્રોસ ડોમેસ્ટીક હેપીનેસનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.

મિત્રો, દરેક ભારતવાસીના દિલમાં રાજીપો કેવી રીતે રહે, દરેક પરિવારમાં પ્રસન્નતા કેવી રીતે રહે, અસમાનતા દૂર થઈને સમાજ કેવી રીતે સમૃદ્ધ બને એના ઉપર સરકાર, પરિવાર, સમાજ અને નાગરિકો એ સંયુક્ત રીતે કામ કરવાની જરૂર છે. ફક્ત શબ્દોના સથવારે નહીં, કેવળ વાણીવિલાસથી નહીં અને બોદા વચનોથી નહીં પરંતુ પ્રચંડ પુરૂષાર્થ, મજબૂત મનોબળ, મક્કમ ઈરાદા અને કઠોર અનુશાસનથી ચોક્કસ સુખની લહેર આવશે. એકમેકના મનને જોડવાથી મનસ્થિતી સુધરશે. નિરામય આરોગ્યથી તનનો તરવારટ આવશે.

મિત્રો, શું આપણે એકત્ર થઈને જો એક થઈએ તો ફરીથી હેપીનેસ ઈન્ડેક્ષથી એક કદમ આગળ વિશ્વગુરૂ બનવાની ભૂમિકામાં અવશ્ય આવી શકીએ....

ચોક્કસ આપણા સૌમાં ભગવાને શક્તિ, ભક્તિ અને ઉર્જા-કૌવત આપ્યા છે. જરૂર છે. સંકલ્પબદ્ધ થવાની અને પ્રતિબદ્ધતાને અમલમાં મૂકવાની.

ચાલો, રાહ જોયા વગર આપણાથી શુભ શરૂઆત કરીએ અને ૧૩૦ કરોડ લોકો સુધી પહોંચાડીએ, અને ૨૬૦ કરોડ હાથ વિશ્વના સાત અબજ લોકોને નેતૃત્વ આપે, માર્ગદર્શન આપે અને મદદ કરે.

મિત્રો, આપને નથી લાગતું, આ એક ભારત, નેક ભારત અને શ્રેષ્ઠ ભારતને સુખના પંથે લઈ જવાનો નિષ્ઠાપૂર્વકનો સામૂહિક પ્રયાસ કરવા માટે સહભાગી થઈને યશભાગી થઈએ. સૌને શુભેચ્છા અને શુભકામના.

**- જયેશ અને નિહારીકાના પ્રણામ (રાહી ફાઉન્ડેશન)**

# Monday MARK by RAJEEV MANIAR



**Rajeev Maniar**
**Life Skill Mentor & Trainer**
**9825028399**
**www.rajeevmaniar.com**

## TEACHINGS FROM THE LIFE OF LORD KRISHNA

Happy Janmashtmi Wishes to all — Here are a few which I firmly believe to be imbibed to live a peaceful life.

**1. Duty Towards Parents:** When Lord Krishna became mature — he became aware about his parents' demand. He gave up his carefree life. He defeated Kansa and liberated his parents from his clutches.

Unfortunately, in present times. Some children digress from their duties towards their aged parents for their goals. Parents are living God. Many fail to remember the love of their parents when they were kids. Be with them as much as you can.

**2. Be a True Friend:** Everybody is aware the love of Lord Krishna for his Friends & how he valued his friendships. Remember his best friend — Sudama... It was a genuine affection.

Today real friendship seldom exists. Friendships have begun to fade into oblivion. Be a true friend & you will get a good friend.

**3. Be Contented:** Since Lord Krishna was born, he lived at various places — from village life at Gokul to luxurious life at Mathura. But he never focused on materialistic things. Whether he lived a simple or princely life, he was always neutral.

Accept that Change is permanent in life. If you are enjoying a rich life today that doesn't guarantee for your future. So be contented with whatever you have and accept everything as God's blessings.

**4. Never give up what you Love:** Lord Krishna had a lot of commitments however he loved & enjoyed playing flute. Today, we all are bound by our many commitments and seldom do what we love. We need to plan our life in a way that we can do what we love.

**5. Be Humble:** Lord Krishna ruled over Dwarka as a King. But when it was time for the Kurukshetra war, he played the role of a humble charioteer.

Similarly, we too must be humble in life & play different roles effectively to cultivate genuine relationships.

**6. Smile & accept if you make a mistake:** Krishna couldn't resist the taste of milk & freshly made butter and would steal them to eat as a child. When he was caught, his smile would dilute the situation.

We all make mistakes in life. Accept mistakes gracefully with a smile. It would evaporate the anger fast.

**7. Don't look down on yourself:** Lord Krishna is known as the epitome of male beauty & he is clearly dark-skinned, still he was always confident, graceful & happy.

Be what you are. Whenever you unconsciously judge yourself down - every single time, you are causing a fatal effect to your self-esteem. Don't ever look down on yourself. You are unique in your own way.

**8. Revolt:** When need arises. Pandavas thought of Draupadi as a property & they lost her in the game. She was stripped off her clothes & humiliated in front of the entire court. It was Lord Krishna who stepped into the scene & controlled the situation. The lesson is - we must stand up and revolt whenever we see a situation like this. It might be difficult but still it is required in today's era. Follow the teachings of Lord Krishna & Make Your MARK®.

## GLASS OF WATER

I was waiting in a long Queue in a Government office for some work. The clerk was getting angry on each of the customers if their forms were incomplete. For my turn, it was 10 more people in the Queue. I left the Queue went to the cooler, filled the glass of water and went behind his cabin to serve him.

I said — Sir, you have been speaking since long and I have been observing that you have not had a glass of water since long time... Your throat must be dry. Please drink this glass of water. He took the glass of water, drank it and looked at me and said - you know people in this office do not like my presence here —Just because, I say the truth to them as well as the customers.

I smiled and went back in the Queue waiting for my turn. Now, the clerk's behavior was changed. He was smiling at everyone and not getting angry if their forms were incomplete.

After a week, he called me up and said — I am the clerk speaking from the office you visited last week. I took your number from the Form you filled and submitted.

I just called to say THANK YOU. I was surprised.

I asked why? He said — Your "Glass of Water" miracle has worked. In the office or at home, whenever someone is angry or not in mood — I just handover a glass of water to them. Till last week, nobody used to respect me or even talk to me in the office. Since I have followed your "Glass of Water" miracle... everyone in the office & home have been friendly to me. Thank you for changing my life — through a "Glass of Water".

Friends, if you meet someone who is angry — offer a "Glass of Water" & Make Your MARK®.

# સુખ, સંવાદિતા આપતું પ્રેરકબળ – પ્રેમ



- શ્રી નિરંજનભાઈ દામાણી (જેતપુર)

વ્યક્તિને જીવનમાં આગળ વધવા માટે સંકલ્પ એટલે કે ઈરાદો ખૂબ જ જરૂરી છે. સુંદર મજબૂત ઈરાદામાં જો ઉત્સાહ, નિષ્ઠા, સમર્પણ તથા સખત પરિશ્રમનો ભાવ ભળે તો સોનામાં સુગંધ ભળે. પરંતુ આ સર્વે પરિબળો ઉત્પન્ન કરવા મહદ્‌અંશે પ્રેમનું પ્રેરણાબળ એટલું જ જરૂરી થઈ પડે છે. પ્રેમ એ એવું અદ્‌ભુત, જાદુઈ અને દિવ્ય તત્ત્વ છે જે આપનાર અને મેળવનાર બન્નેને તૃપ્તિના આનંદ સાથે સંપન્ન બનાવે છે. પ્રેમની અનુભૂતિ પામનારમાં અનેક અનેરી ઉર્જા ઉત્પન્ન થાય છે. જે ઉર્જા તેને જાગૃત બનાવી ગમે તેવા મહાન કાર્યો, પડકારો તથા પરિસ્થિતીનો સામનો કરવા સક્ષમ બનાવે છે. પ્રેમ આપનાર હંમેશાં ઉમદા સંતોષ સાથે, કંઈક કરી છુટવાના ભાવ સાથે ધન્યતા અનુભવે છે.

ઉત્કૃષ્ટ પ્રેમ એ જાણકારીમાંથી મળે છે કે જે અન્ય વ્યક્તિને સુખી બનાવે છે. તમારા વર્તનથી કોઈ ખુશી અનુભવે, ધન્યતા અનુભવે, તેને સારૂ લાગે, તમારા માટે તેને સન્માનનો ભાવ ઉત્પન્ન થાય તો તે પ્રેમની અનુભૂતિ છે. જે તમે પ્રેમાળભાવે પ્રદાન કરો છો. પ્રેમ એક પ્રેરણા છે, આશા છે. સોનેરી સ્વપ્નની અનુભૂતિ પણ છે. પ્રેમ આપનાર હંમેશાં ઉમદા જ રહે છે. અન્યને સુંદર રીતે બિરદાવી, તેને તેની શક્તિ વિષે જાગૃત કરી તેનામાં અનેરો આત્મવિશ્વાસ જગાવી સતત પ્રેરણામય બની રહેવું, એ ઉત્તમ પ્રેમનું યોગદાન છે. જે આપવાથી સામેની વ્યક્તિ પ્રેમમય ઉર્જા દ્વારા, આત્મવિશ્વાસ દ્વારા જાગૃતતાના ભાવ સાથે ઉત્સાહપૂર્વક પોતાના કાર્યમાં આગળ વધી અનેરી સફળતાને વરે છે. આ સફળતા પાછળ ઉત્કૃષ્ટ પ્રેમનું આદાન પ્રદાન છે. દા.ત. માતાપિતાનો પ્રેમ પામતું બાળક અભ્યાસમાં તેજ હોય છે. પત્નીનો પ્રેમ મેળવતો પતિ પોતાના કાર્યક્ષેત્રમાં નવી ઉંચાઈઓ સુધી પ્રગતિશીલ રહે છે. પ્રજાનો બેસુમાર પ્રેમ મેળવતા રાજનેતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહત્ત્વની સિદ્ધીઓ પ્રાપ્ત કરી રાષ્ટ્રને ગૌરવવતું સ્થાન અપાવે છે, વડાપ્રધાન મોદીજી આ હકીકતનું જીવંત દ્રષ્ટાંત છે.

પ્રેમ વડે સંપન્ન કાર્યો માત્ર ફરજના ભાવથી થતા કાર્યો કરતાં શ્રેષ્ઠ સાબિત થાય છે. દા.ત. માતૃભૂમિ પ્રત્યે દિવ્ય પ્રેમ ધરાવનાર ભારતીય સૈનિકોએ ગયા વર્ષે શહીદી વહોરીને પણ લડાખની ગલવાનવેલીમાં ચીની સૈનિકોને તબાહ કરી પાછળ ધકેલ્યા. તેઓની મોટી જાનહાનિ થઈ. ભારતીય સૈન્યે એક ઈંચ જમીન પણ ન છોડી અને ચીની સૈનિકોમાં ખોફનો માહોલ ફેલાવી દીધો. આનું કારણ ચીની સૈન્યમાં માતૃભૂમિ પ્રત્યેના પ્રેમનો અભાવ હતો.

પ્રેમથી પ્રેરિત મહાન કાર્યોમાં હાલમાં જ ભારત સરકારે તંત્ર તથા લોકોને પ્રેરિત, પ્રોત્સાહિત કરી કરોડો લોકોનું રસીકરણ સંપન્ન કર્યું. આ મહાન સિદ્ધીથી ભારત દેશ દુનિયામાં આગળ નીકળી ગયો તેમજ દેશમાં કોરોના પર લગામ મુકાઈ. બેન્કોને પ્રોત્સાહિત કરી કરોડોની સંખ્યામાં જનધન ખાતા ખોલી આમ નાગરિકને બેંકીંગ પ્રવાહમાં જોડ્યો. જન આરોગ્ય યોજના દ્વારા લગભગ દસ કરોડ લોકોને મેડીકલ સુરક્ષા પ્રદાન કરી. આ સર્વે કાર્યોને જીવંત બનાવનાર સરાહના, પ્રેરણા અને અનુશાસનની કાર્ય પ્રત્યેની નિષ્ઠા અને પ્રેમ જ છે. જે કઠિનને સરળ બનાવી નવાં જ પરિવર્તનથી સિદ્ધી સુધી લઈ જાય છે.

જયારે કોઈ વ્યક્તિ પ્રેમ મેળવે છે ત્યારે અનેક લોકો તેની પ્રેરણા, પ્રસંશા બને છે તેમજ અન્યના પ્રેમ દ્વારા તે ખુશહાલ રહે છે તો તે વ્યક્તિ નવી જ ઉર્જા સાથે જીવંત બની ચેતનાના સતત અનુભવ દ્વારા જાગૃત બની વધુમાં વધુ કાર્યક્ષમતા સાથે જીવે છે. દરેક પડકારો તે આસાનીથી પાર પાડે છે. તેનામાં અનેરી આશા અને વિશ્વાસનો સંચાર થાય છે. આવી વ્યક્તિ પોતે પણ સંપર્કમાં આવનાર દરેક વ્યક્તિને સુંદર રીતે પ્રેમની અનુભૂતી કરાવી શકે

છે. પોતાને મળતા પ્રેમને અનેકગણો કરીને તે સમાજને પણ પ્રેમનું ગણાપાત્ર યોગદાન આપે છે. પ્રેમ આપવા માટે પ્રેમ મેળવવો ખૂબ જ જરૂરી હોય છે. દા.ત., કુટુંબની વધુના કાર્યની સરાહના કરવાથી તે ખૂબ જ પ્રફુલ્લિત બની કુટુંબના દરેક સભ્યને ખુશ રાખે છે. દરેકની જરૂરિયાતો સંતોષે છે. પરંતુ જો તેને નકારી તેની ટીકા કરવામાં આવે તો તે ઉદાસ બની માત્ર ફરજના ભાવથી કાર્ય કરે છે. જે કાર્યમાં પ્રેમનો, આનંદનો, જીવંતતાનો અભાવ હોય છે. કલ્પના કરો કે પ્રેમ વગરનું વાતાવરણ અને થતાં કાર્યોમાં શું ભલીવાર હોય? કોઈપણ કાર્યમાં પ્રેરણા, પ્રશંસા, પ્રોત્સાહન અને હકારાત્મક તે કાર્યને આત્મવિશ્વાસથી સભર સુંદર રીતે પૂર્ણ બનાવે છે. જ્યારે કોઈ કાર્યમાં માત્ર ભૂલો જ શોધવી, નકારાત્મક રીતે મૂલવું, ટીકાત્મક બનાવવું એ કાર્યને અસફળ બનાવી સામેની વ્યક્તિને લઘુતાગ્રંથીથી પીડે છે. આમ દરેક ક્ષેત્રે, દરેક કાર્યોમાં પ્રેમનું યોગદાન જરૂરી થઈ પડે છે.

પ્રેમના ઘણા સ્વરૂપો છે. જેમાં માતૃપ્રેમ, પતિ–પત્ની વચ્ચેનો પ્રેમ, દેશપ્રેમ, જાતિપ્રેમ, ઈશ્વર પ્રેમ, વડીલો–ગુરૂદેવ પ્રત્યે પ્રેમ, મિત્રપ્રેમ, પિતૃપ્રે વિ. મુખ્ય છે. જેમાં માતૃપ્રેમ શ્રેષ્ઠ છે. જે સંપૂર્ણપણે નિ:સ્વાર્થ હોય છે.

પ્રેમ હંમેશાં બિનશરતી હોય છે. તેમાં આપવાનો ભાવ વિશેષ હોય છે. પ્રેમ નિ:સ્વાર્થ હોય છે. જેમાં સામેની વ્યક્તિના સુખ, ખુશીનો વિચાર હંમેશાં હોય છે. પ્રેમ એક સરાહના છે. અરસપરસનું સન્માન છે. જે સંવાદિત સંપન્ન કરે છે. પ્રેમમાં ગુમાવવામાં પણ આનંદ હોય છે. પ્રેમની સુંદર અનુભૂતિ આત્માને સ્પર્શે છે, જેનું વર્ણન શબ્દોમાં મુશ્કેલ છે. પ્રેમ એ વર્તમાન છે. પ્રેમ એ જ સત્ય છે.

આવા અદ્‌ભૂત અદ્વિતીય પ્રેમ દ્વારા સંપન્ન વ્યક્તિ, સમાજ કે દેશ જ્યાં પ્રેમનું સિંચન થાય છે તે વાતાવરણને દિવ્ય બનાવી સુંદર શાંતિ સુસંગતતા લાવે છે. જ્યાં શ્રેષ્ઠ કાર્યો થઈ સકે છે. જે વ્યક્તિનો, સમાજનો તથા રાષ્ટ્રનો વિવિધલક્ષી વિકાસ કરે છે તેમજ વિશ્વને વસુદૈવ કુટુમ્બકમ્‌ના ભાવ તરફ દોરે છે.

પ્રેરકબળ–પ્રેમની સાર્થકતા સમજાવતા મહાપુરૂષો–વિચારકોના મંતવ્યો જોઈએ.

“અરસપરસ દરેકને હાસ્ય સાથે મળો. હાસ્ય એ પ્રેમનો શુભારંભ છે.” – મધર ટેરેસા

“પ્રેમની તાકાત દુશ્મનને પણ મિત્રમાં પરિવર્તીત કરી શકે છે.” – માર્ટી લ્યુથર કિંગ (જુની.)

“પ્રેમ અને કરૂણા જરૂરિયાત છે. ભોગ વૈભવ નથી. તેના વગર માનવતાનું અસ્તિત્વ ન રહે.” – દલાઈ લામા

“પ્રેમ આપવો એ તેનામાં જ એક શિક્ષણ છે.” – એ રૂઝવેલ્ટ

“જીવન પર દ્રષ્ટિપાત કરતા જણાશે કે તમો એ ક્ષણો સારી રીતે જીવ્યા છો જે ક્ષણોએ તમોએ પ્રેમના મિજાજ અને જોશમાં રહી કાર્યો કર્યા છે.” – હેનરી મોન્ડ

“પ્રેમ એ તમોને જીવન જે થનગનાટ, ઉત્સાહ, આવેગ અને સ્વિકૃતી જે ઓફર કરે છે તે પ્રતિ હકારાત્મક છે.” – જહોન લેનોન

શ્રીમદ્‌ ભાગવદ્‌ ગીતાનો કર્મયોગ, સર્વમાં સમભાવ, દૈવીપ્રકૃતિનું જ્ઞાન, દયા, કરૂણા, દાન, શરણાગતિ ભક્તિ વિ. જ્ઞાનની સમજણમાં પણ ક્યાંયને ક્યાંય પ્રેમનો સંદેશ સમાયેલ છે. ભગવાન શ્રીકૃષ્ણનું સમગ્ર જીવન જે પ્રેમનો ઉત્કૃષ્ટ સંદેશ તથા પ્રેરણાનું દિવ્ય જીવંત ઉદાહરણ છે તથા ગીતાજીથી વિશેષ કાંઈ પ્રેરણાગ્રંથ નથી. આપણે પણ તેમાંથી પ્રેરણા મેળવી જીવન પ્રેમમય બનાવવા પ્રયત્ન કરીએ.

# નારી તું નારાયણી

- શ્રીમતી રશ્મીબેન એમ. શાહ (અમદાવાદ)
મો.: ૯૮૨૫૭ ૯૩૪૭૬



મેઘરાજાએ મહેર કરી છે. ધરતી માતાએ લીલીછમ ચાદર ઓઢી હોય તેવી સુંદર, રળિયામણી લાગી રહી છે. ત્યારે ભારતમાતાના મેઘરાજાની મહેરના આલય જેવા મેઘાલય પ્રદેશ વિશે જાણીએ.

મેઘાલયમાં દીકરીનો જન્મ એટલે ખુશીનો અવસર. દીકરી એટલે ઘરની વારસ, દિકરી ઘરની વડીલ અને જેટલી વધારે દીકરીઓ એટલી વધારે ખુશી!!

એંથ્રોપોલોજીસ્ટ લુઈસ હેનરી મોર્ગનની થિયરી કહે છે કે જીવનની શરૂઆતમાં દરેક સમાજ, જાતિ, માતૃવંશીય અને માતૃસતાત્મક હતા. એટલે કે મહિલાઓનું આધિપત્ય હતું. સ્ત્રીઓ કબીલાની મુખીયા અને બાળકોની માતા હતી, પરંતુ લગ્નસંસ્થા જેવી કોઈ સંસ્થાનું અસ્તિત્વ જ ન હતું. મજૂરી અને શિકારનું કામ પુરૂષો કરતા હતા. પરંતુ બાળકોને જન્મ આપવાની પ્રાકૃતિક શક્તિ સ્ત્રીઓમાં હોવાને કારણે સ્ત્રીઓને માન-સન્માન અને ઊંચો દરજ્જો આપવામાં આવતો હતો. બાળકના પિતા કોણ છે તે ખબર ન પડતી. બાળક માત્ર માતાના જ નામથી ઓળખાતું.

૧૯૮૮૪ માં જ્યારે ફ્રેડરીક એંગલ્સે પોતાનું પુસ્તક "ધી ઓરીજીન ઓફ ફેમીલી પ્રાઈવેટ પ્રોપર્ટી અને સ્ટેટ" લખ્યું ત્યારે તેઓએ વારંવાર મોર્ગનની થિયરીનું ઉદાહરણ આપી અને જણાવ્યું કે કેવી રીતે માતૃસત્તાક સમાજ અને સંપતિ ધીરે ધીરે પિતૃસત્તાકમાં બદલવાની શરૂઆત થઈ. એક હજાર વર્ષ સુધી મહિલાઓની સંપત્તિ અને સત્તા હાંસલ કરવા અને એકહથ્થુ શાસન કરવા પુરૂષોએ મહિલાઓ પર જુલમ ગુજારી, ગુલામ બનાવી કમજોર કર્યાનો ઇતીહાસ છે. બાદમાં પુરૂષપ્રધાન સમાજની શરૂઆત થઈ હતી.

૧૯મી સદીની શરૂઆતમાં અમેરીકા અને યુરોપમાં ફેમીનીસ્ટ મુવમેન્ટની શરૂઆત થઈ. પુરૂષ અને મહિલા વચ્ચેની અસમાનતાની જડ આર્થિક અસમાનતા છે. એક અભ્યાસ મુજબ સમાજની ૯૦% સંપતિ પર ૫૦% હક્ક પુરૂષો ધરાવે છે.

સૈકાઓ બાદ બહુ ઓછી જગ્યાએ માતૃસત્તાક સમાજ રહ્યો છે. અમુક જાતિને બાદ કરતા અન્ય દરેક જાતિ સંપત્તિના મામલે પિતૃસત્તાક બની ચૂકી છે.

પરંતુ આપણા દેશના ગૌરવ સમાન આવો જ એક માતૃસત્તાક અને માતૃવંશીય સમાજ દેશના ઉત્તરપૂર્વીય વિસ્તાર મેઘાલયમાં છે.

મેઘાલયની ૯૧% વસ્તી ગોરો, ખાસી અને જંતિયા જાતિની છે. આ ત્રણેય જાતિના લોકો માતૃસત્તાક છે.

અહીં દીકરીનો જન્મ એક ઉત્સવની જેમ ઉજવવામાં આવે છે. જે કુટુંબમાં દીકરી ન હોય તેઓ દીકરીને દત્તક લઈ વંશ આગળ વધારે છે. માતાની સંપતિ તેની દીકરીને મળે છે. લગ્ન સમયે પણ કન્યાની પસંદગી પહેલા

પૂછાય છે. લગ્નનો ખર્ચ, પહેરામણી વિ. વરપક્ષે કરવાનો રહે છે. લગ્ન પછી કન્યાવિદાય નથી થતી, પરંતુ પતિ પત્નીના ઘરે આવીને રહે છે. લગ્ન પહેલા પુરૂષે તેની તમામ આવક ઘરની બુઝુર્ગ મહિલાને આપવી પડે છે. લગ્ન બાદ તેની આવક પત્નીને આપી દે છે.

સૌથી નાની દીકરીને પ્રથમ વારસ ગણવામાં આવે છે. ત્યારબાદ અન્ય દીકરીઓને ક્રમ પ્રમાણે ભાગ મળે છે. દીકરીઓને વહેંચતા કાંઈક વધે તો દીકરાઓને ફાળે જાય છે.

પરાપૂર્વની માન્યતા એવી છે કે દીકરાઓ તો મહેનત-મજૂરી, વેપાર કે નોકરી-ધંધો કરીને પોતાનું ગુજરાન ચલાવી શકશે. પરંતુ દીકરીઓને ટેકો-સલામતી હોવી જરૂરી છે.

એક અભ્યાસ મુજબ જ્યાં માતાની સંપત્તિ દીકરીઓને મળે છે ત્યાં રાજનીતિમાં પણ મહિલાઓનું વર્ચસ્વ જોવા મળે છે. તેમજ ત્યાંના કાયદાઓમાં પણ જાતીય ભેદભાવ બહુ ઓછા જોવા મળે છે. સ્રીઓ પ્રત્યે પૂર્વગ્રહ નથી હોતો અને તેઓનો અવાજ બુલંદ હોય છે.

આનો અનુભવ શિલોંગ કે મેઘાલયના કોઈ પણ ગામમાં કે શહેરમાં ફરવાથી મળે છે. ૯૦% દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ વિ. જગ્યાએ મુખ્ય કાઉન્ટર પર મહિલાઓ જ જોવા મળે છે. અર્થવ્યવસ્થાની પૂરી કમાન મહિલાઓના હાથમાં છે. જેને કારણે રાજકારણમાં પણ તેઓનું પ્રભુત્વ છે. સાર્વજનિક જગ્યાઓ પર મહિલાઓનું પ્રભુત્વ હોવાથી દેશના અન્ય રાજ્યો કરતાં અહીં મહિલાઓ વધારે સુરક્ષિત છે.

મેઘાલયની થોડી વસતી હમરા અને મીજોજ જાતિની છે. પરંતુ તેઓ પિતૃસત્તાક છે અને ત્યાંની મહિલાઓની સ્થિતી બાકીની ભારતની મહિલાઓ જેવી જ છે.

અન્ય રાજ્યો પુરૂષપ્રધાન છે અને તેઓ સ્રીઓ પર માલિકીહક્ક જમાવે છે. દુનિયામાં એવો કોઈ દેશ નથી કે જે પોતે માલિક હોય અને પોતાનો માલિકીહક્ક જતો કરે. તેથી પુરૂષપ્રધાન સમાજમાં આજે મહિલાઓને જે હક્ક અને સમાનતા મળ્યા છે તે સેંકડો વર્ષની લડાઈ બાદ મળ્યા છે.

ભારતીય દંડસંહિતામાં દીકરીને પણ બરાબરના હિસ્સાનો કાનૂન છે. પરંતુ તે હક્ક મેળવવા માટે પણ લડાઈ અને હિંસક પ્રતિરોધની સંભાવના રહે છે. એક અભ્યાસ મુજબ મોતીલાલ નહેરૂની પુત્રી વિજયાલક્ષ્મી પંડિતને તેમના પિતાની મિલકતમાંથી ભાગ મળ્યો ન હતો. તેથી સંપત્તિમાં સમાન હક્ક માટે મજબૂત કાયદાકીય જોગવાઈ જરૂરી છે.

અને છેલ્લે મેઘાલયની જેમ દરેક રાજ્ય દીકરીને માન-સન્માન અને હક્ક આપે તેવી અભ્યર્થના...!!!

જય મેઘાલય! જય સરસ્વતી! જય પાર્વતી! જય લક્ષ્મી!

# ધ્યાન રાખજો ક્યાંક મોબાઈલ તમારા દામ્પત્ય જીવનને ભરખી ન જાય...

- શ્રીમતી સુષ્માબેન અનીલભાઈ રાઠોડ (વડોદરા)



આમ જોવા જઈએ તો આ મોબાઈલ, ઈન્ટરનેટની દુનિયા બની ત્યારથી માણસની સમગ્ર જીવનશૈલી બદલાઈ ગઈ છે. ફક્ત ભારતમાં જ નહીં, સમગ્ર દુનિયામાં નાના–મોટા દરેકની લાઈફ સ્ટાઈલમાં બહુ મોટો ચેન્જ છે. આજકાલ માનવી પાસે અઘધ સમય છે પણ આમ જોવા જઈએ તો વાત્સવમાં ના કોઈની પાસે સમય છે કે નથી કોઈની પાસે ફુરસદ. બસ સતત ભાગવું, દોડવું, બીઝી–બીઝી રહેવું એ જ જાણે એક જીવનમંત્ર બની ગયો છે. કારણ કે જિંદગી ફૂલસ્પીડમાં દોડી રહી છે અને તેનું કારણ મહદ્અંશે ટેકનોલોજી છે. ખાસ કરીને ફોન અને ઈન્ટરનેટે લોકોની આખી પૂરેપૂરી જીવનશૈલી બદલી નાખી છે. ઈન્ટરનેટ કે ફોન એ આજે કોઈ વરદાનથી કમ નથી. આજકાલ બધા જ કામ તેને ભરોસે થઈ રહ્યા છે. કોલ કરવો હોય, ઈ–મેઈલ મોકલવો હોય, ડોક્યુમેન્ટ્સ મોકલવા હોય કે બેન્કનું સ્ટેટમેન્ટ કે પેમેન્ટ કરવું હોય, વિડીયોકોલ કરવો હોય કે કોઈપણ જાતની માહિતી જોઈતી હોય, અપડેટ રહેવું હોય તો ઈન્ટરનેટ જરૂરી અને ઉપયોગી છે. ઉપયોગી નહીં પણ અતિઉપયોગી છે. તેની એક આદતને કારણે તેના વગર જીવન મુશ્કેલ ભરેલું થઈ ગયું છે. ઈન્ટરનેટ આપણો ફુરસદનો સમય ખાઈ ગયું છે. તેને કારણે આપણાં સંબંધો પણ પ્રભાવિત થવા લાગ્યા છે. કમ્યુનિકેશન ગેપ ઓછો થયો છે. પરંતુ પાસે હોય તેની સાથે અંતર વધી ગયું છે. ક્યાંક ક્યાંક તો સંબંધોમાં તિરાડો પણ સર્જાવા લાગી છે.

પહેલાના સમયમાં એટલે કે જ્યારે ફોન, ઈન્ટરનેટ કે સોશીયલ મિડીયાનું આટલું ચલણ નહોતું, ત્યારે ઘરનું કામકાજ સમેટાઈ ગયા પછી, આટોપાઈ ગયા પછી ગૃહિણીઓ પડોશમાં જઈને બેસતી. સખીઓ સાથે સુખ–દુ:ખ વહેંચતી કે સ્વેટરની નવી ડિઝાઈનો શીખતી ને શીખવાડતી. અથાણા–પાપડ–વેફર્સ બનાવવાની હોય ત્યારે એકબીજાને સાથ આપતી. પરંતુ હવે તો બપોર થવાની સાથે જ મોબાઈલ ફોન લઈને બેસી જવાય છે.

વોટ્સઅપ, યુટ્યૂબ, ફેસબુક કે મેસેન્જરમાં જીવનનો કિંમતી સમય બગડી રહ્યો છે. સ્માર્ટફોન અને ઈન્ટરનેટે તો ઘરના સદસ્યો વચ્ચેનો સંવાદ પણ જાણે સમાપ્ત કરી નાખ્યો છે. નવરાશના સમયે પણ હવે કોઈ વાત નથી કરતું. પરંતુ મોબાઈલ લઈને બેસી જાય છે. પહેલાં બધા એક સાથે બેસીને જમતા કે જેથી દિવસ દરમિયાનની અવનવી વાતો પરિવારના અન્ય સભ્યો સાથે થાય અને એકબીજાની હૂંફ મળી રહે. પરંતુ હવે તો એક આંખ ફોનમાં હોવાથી એક સાથે જમવા બેસવાનો પણ કોઈ અર્થ નથી રહ્યો.

બાળક હેરાન ના કરે તે માટે તેઓ બાળકોને પણ મોબાઈલ પકડાવી દે છે. બાળક મોબાઈલમાં વિડીયો, મુવી જોયા કરે. ગેમ રમે છે. ધીરે ધીરે આવા બાળકોમાં આઉટડોર ગેમ રમવાનું પણ ભૂલાઈ જાય છે. જાણે મોબાઈલ એ બાળકોની સર્વેસર્વા દુનિયા બની જાય છે. કોઈપણ બાળક સાથે તેની માતા સૌથી વધારે સમય વિતાવે છે. તેથી દરેક માતાએ બાળકને મોબાઈલ કે ઈન્ટરનેટની ટેવ ના પડે તે માટે અચૂક ધ્યાન આપવું પડે.

આજકાલ ઓફીસથી આવી દીકરો–વહુ કે દીકરી પરિવાર સાથે નથી બેસતા. એવું પૂછતાં પણ નથી કે

દિવસ કેવો રહ્યો? તેમણે શું કર્યું કે શું ના કર્યું ? ઓફીસમાં પોતાનો દિવસ કેવો રહ્યો તે પણ વાત નથી, ઉલટુ બોલે છે. વિચારે છે કે આજે તો એટલું કામ હતું કે મોબાઈલ જોવાનો પણ સમય નથી રહ્યો અને બસ ખાઈ–પીને લેપટોપ ખોલીને બેસી જાય છે. આવું કરવાનું કારણ ઘણી વખત મહદ્અંશે એવું હોય છે કે નોકરીના સમયે તે ફોન કે ઈન્ટરનેટમાં ઘણીવાર એટલો વ્યસ્ત થઈ જાય છે કે ઘણો સમય નીકળી જાય અને પોતાનું જે કામ છે તે અધૂરું રહી જાય છે અને છેવટે તે તેણે ઘરે આવીને પૂરૂં કરવું પડે અને ફેમીલીની સાથે રહેવા છતાં એકલા–એકલા ગૂંચવાયો રહે છે. ઈન્ટરનેટ, સોશીયલ મિડીયાના કારણે પતિ–પત્ની, સાસુ–વહુ, બાપ–દીકરા, સંતાન અને માતા–પિતા વચ્ચેના સંબંધમાં એક મધુરતા નથી રહી. બધા પરસ્પર એકબીજાના કાર્ય કરી પૂરા કરે છે, પણ મીઠાશની બે વાતોનો ખાલીપો વરતાય છે. ઘણી વખત એવું પણ બને છે કે પરિવાર વચ્ચેની વાતચીત કે અંગત પળોનો આનંદ માણતી વખતે પણ જો કોઈ એવો ફોન કે મેસેજ આવે તો ડિસ્ટર્બ થઈ જવાય છે તેના કારણે તમારો મૂડ પણ બગડી શકે છે. ફેમીલીમાં પરિવાર વચ્ચે ઝઘડો–તણાવનું એક સચોટ કારણ મૂડ બગડવાનું પણ હોઈ શકે છે.

મનોચિકીત્સકોના મતે ઈન્ટરનેટનું એડીક્શન મગજના એ ભાગને એક્ટીવ કરે છે, જે કોકેન જેવા માદક પદાર્થોના એડીક્શનથી થાય છે. ઈન્ટરનેટનો વધારે પડતો ઉપયોગ કરનારા લોકોમાં સ્ટ્રેસ, ડિપ્રેશન, નિરાશા, ચિડીયાપણું વિકસવા લાગે છે. તેમની ઊંઘ પૂરતી ન થવાથી તેઓ થાકેલા જ લાગે છે.

યુનિવર્સિટી ઓફ મિશીગનના એક અભ્યાસમાં એવું જાણવા મળ્યું છે કે જે લોકો સોશીયલ સાઈટ્સ પર વધારે સમય વિતાવે છે તેઓ એકલતાનો વધારે અનુભવ કરે છે. કારણ કે જેટલું વધારે તેઓ ઓનલાઈન ઈન્ટરેક્શન કરે છે તેટલો જ લોકો સાથેનો ફેસ ટુ ફેસ સંપર્ક ઓછો થઈ જાય છે.

તમે ક્યાંક ફરવા ગયા હોવ એ જગ્યાની મજા લેવાને બદલે તમે ફોટો ક્લીક કરવા લાગો છો. તમે આરામથી તમારી આંખોમાં દિલમાં એ જગ્યાને કેપ્ચર કરવાના સમયમાં ફોટોમાં એ જગ્યાની યાદીને કેપ્ચર કરવાની તજવીજમાં રહો છો. પતિ–પત્ની એકબીજાની સાથે ક્વોલિટી ટાઈમ પસાર કરવાના બદલે સેલ્ફી ક્લીક કરવામાં જ ફરવાનો આનંદ વેડફે છે (માણે છો..).. આ બધાના કારણે તમારો સમય તો પસાર થઈ જાય છે પણ એવું લાગે છે કે ફર્યા પછી પણ રિલેક્સ ફીલ નથી થઈ રહ્યું.

ફરવા ગયા હોઈએ ત્યારે ત્યાંની મજા માણવાને બદલે આપણે સોશીયલ મિડીયા સાઈટ્સ પર ચેટીંગ કરવામાં અને લોકોને જાણ કરવા પર વધારે ધ્યાન આપીએ છીએ.

અરે ત્યાં સુધી કે ઘણી વખત તો સાર્વજનીક જગ્યા જેવી કે મંદિર, બાગ–બગીચામાં પણ કોઈની સામે જઈને હાઈ–હેલ્લો કે સ્મીત આપવાના બદલે આપણી સામેવાળાની બધાની નજર મોબાઈલ ફોનમાં જ હોય છે. રસ્તે ચાલતા કે શોપીંગ વખતે પણ નજર તો ફોનમાં જ હોય છે. એક્સીડન્ટના ચાન્સીસ પણ વધારે જોવા મળે છે.

ઈન્ટરનેટથી ગુનાખોરી પણ વધી છે. ઈન્ટરનેટે સાઈબર ક્રાઈમને એ હદે વધારી દીધો છે કે એના કારણે તો પોલીસે સાઈબર સેલ બનાવવો પડ્યો છે અને સાઈબર ક્રાઈમનો સૌથી વધારે ભોગ તો બાળકો, મહિલાઓ, ગૃહિણીઓ અને વૃદ્ધો બને છે.

સોશીયલ મિડીયાને કારણે એક્સ્ટ્રા મેરીટલ અફેર્સ પણ વધવા લાગ્યા છે. ચેટીંગ કલ્ચર લોકોને એટલું બધું

ગમી ગયું છે કે ગમે તેની સાથે ચેટ કરવામાં ખચકાટ નથી અનુભવતા. તેને કારણે પણ ઘણી વખત પારિવારીક સંબંધો તૂટી રહ્યા છે.

જ્યારે કેટલીક વખત વધારે પૈસા કમાવવાના ચક્કરમાં પણ ખરાબ સાઈટ્સની માયાજાળમાં ફસાઈ જવાય છે. ઈન્ટરનેટ બેંકીંગ, ફ્રોડના કિસ્સા હવે સામાન્ય બની ગયા છે.

હવે ઘણી વખત લાગે છે કે કોમ્પ્યુટરાઈઝ્ડ યુગમાં આ બધુ જરૂરી છે. તેથી ક્યારેક આની ઉલટ અસર થઈ જાય. વાત પણ બરાબર છે. આવી બાબતોને લઈને કોઈ મોબાઈલનો ઉપયોગ બંધ તો ના જ કરી શકાય કે પછી બાળકોને પણ મોબાઈલ સાવ વાપરવા જ ના દેવાય તેવું તો બની જ ના શકે અને એમાંયે આજકાલ તો ઓનલાઈન જ સ્કુલ–કોલેજ ચાલુ છે.

પણ એવું કાંઈક તો કરી જ શકાય કે એક એવો સમય નક્કી કરી લો કે જે દરમિયાન તમે ફોન કે ઈન્ટરનેટથી અમુક કલાક દૂર રહેશો. શરૂઆતમાં આ સમય થોડો ઓછો રાખો પછી ટેવ પડે તેમ ધીરે ધીરે તમારો સમય વધારતા જાઓ.

જમતી વખતે ઘરની કોઈ વ્યક્તિ ફોન રિસીવ નહીં કરે, કે ઈન્ટરનેટનો ઉપયોગ નહીં કરે તેવો નિયમ બનાવો.

બાળકો હેરાન ન કરે કે સરખી રીતે જમી લે તે માટે તેના હાથમાં ફોન પકડાવી દેવાનું બંધ કરો. ઓનલાઈન ક્લાસના કારણે બાળકનો ફોન ટાઈમ આમેય વધી ગયો છે. તેના બદલે તેની સાથે ઈનડોર–આઉટડોર ગેમ્સ રમો અને તેને તેમાં વ્યસ્ત રાખો.

પતિ–પત્ની સાથે બેઠા હોય કે બહાર ફરવા ગયા હોય તે સમયે તમારો ક્વોલિટી ટાઈમ પસાર કરવો જરૂરી છે અને આ માટે ફોન–ઈન્ટરનેટ થોડો સમય ભૂલી જાઓ.

વર્કીંગ વુમને ઘરે આવ્યા પછી શક્ય હોય તો ફોનને સાઈડમાં મૂકી દેવો અને પરિવારના લોકો સાથે ઈન્ટરેક્શન કરવું જોઈએ.

લોકો આપણા માટે કેટલું કેવું વિચારે છે?
તેમાં ખોટી થવું તેના કરતાં આપણે જગત અને લોકમાંથી
કેવું વિચારીને સારૂ લઈએ છીએ
તેમાં સમય ફાળવવો તે શ્રેષ્ઠ છે...

# હાસ્યનો હોજ

નયનને બંધ રાખીને મેં તમને જોયા છે!
આવી રીતે લગન કરીને બિચારા
કેટલાય રોયા છે!!!

પત્ની : ભગવાનનો આભાર માનો!
મારા જેવી સીધી પત્ની મળી!
પતિ : વિચારે છે કે આવી સીધી સાદી
હોય તો માથાભારે કેવી હોય??

ટપુ બોલ જોઈએ?
ખોળામાં ખુંદનારને શું કહેવાય?
ટપુ: લેપટોપ

રમેશ: તેં મારી પાસેથી ૧૦,૦૦૦ લીધા હતા,
તે ક્યારે પાછા આપીશ?
સુરેશ: મને શું પૂછે છે?
હું જ્યોતિષ થોડો છું!!!

શિક્ષક: જે વ્યક્તિ પોતાની વાત બીજાને
સમજાવી ન શકે તે ગધેડો કહેવાય!
વિદ્યાર્થી: સાહેબ, હું કંઈ સમજ્યો નહીં!!!

કોઈએ પૂછ્યું, મરચા કઈ સીઝનમાં લાગે છે?
એની કોઈ સીઝન જ નથી,
એ તો સાચું બોલે ત્યારે લાગે છે!

લોકડાઉનની અસર:
એક માણસ ઘરે બેઠાંબેઠાં એટલો કંટાળી
ગયો કે શાકભાજીના લારીવાળાને કહ્યું કે
તું થોડી વાર ઘરમાં આવીને ટીવી જો અને
હું તારી લઈને એક ચક્કર લગાવીને આવું છું.
બીજા માણસે કહ્યું, અરે ભાઈ,
હું પાછળની ગલીમાં રહું છું.
શાકભાજીવાળો મારા ઘરે બેઠો છે.

શિક્ષક: આજથી બધા વિદ્યાર્થીઓ વર્ગની
બધી છોકરીઓને બહેન કહેશે.
વિદ્યાર્થી: આ બધાના મામેરા કોણ કરશે?

ભિખારી: સાહેબ, પહેલા તો તમે ૫૦
આપતા હતા, હવે ૧૦ જ કેમ?
મહેશ: પહેલા હું કુંવારો હતો,
હવે હું પરણીત છું.

પત્નીને મુસીબત સમજવાવાળાને
એક વાત કહી દઉં!
એ સામે ચાલીને નથી આવી,
તમે જ પીપુડી વગાડીને લેવા ગયેલ!

પતિ ઓફીસ જવા માટે નીકળતો હતો.
ત્યાં જ પત્ની બોલી, ભગવાનને પગે લાગીને
નીકળો તો બધા કામ સફળ થશે.
પતિ: ઓવું થોડું હોય? લગ્નના દિવસે
ભગવાનને પગે લાગીને જ નીકળ્યો હતો!!!

લગ્ન શબ્દમાં જ, ગન છુપાયેલી છે.
તો ભડાકા તો થવાના જ...!!!

પતિ: પાણીમાં માથું નાંખી બેઠો હતો.
પત્ની: આ શું કરો છો?
પતિ: આજકાલ મગજ ચાલતું નથી,
તેથી ચેક કરૂં છું, પંચર તો નથીને!

લાઈફ સુધારવા માટે વાઈફ બસ છે.
પણ... વાઈફને સુધારવા માટે
આખી લાઈફ કમ છે.

# વોર્ડરોબ



- જયશ્રીબેન ઠાર (પૂના)

**લાલ દુપટ્ટા ઉડ ગયા રે બૈરી હવા કે ઝૌંક સે,**
**મુજકો પિયા ને દેખ લિયા હાય રે ધોખે સે...**

પાયલ લાલ દુપટ્ટો લઈને કેસેટ પ્લેયરના તાલે ડાન્સ કરી રહી હતી. ત્યાં પુનિતાએ આવીને કેસેટ પ્લેયરને સ્પોટ કર્યું. વાહ વાહ બહુ જ સુંદર સ્ટેપ બેસાડ્યા છે. ડાન્સ બહુ જ સરસ લાગે છે. પણ તારો ડ્રેસ ખૂબ જ કરચલીવાળો ને ખરાબ દેખાય છે. તું તારા કપડાં વ્યવસ્થિત રાખતી નથી, એમ બોલતા બોલતા પુનિતા પાયલના વોર્ડરોબ પાસે ગઈ. વોર્ડરોબ ખોલતાં જ તે ચિલ્લાઈ, અરે! આ તારો વોર્ડરોબ છે કે કુદાફા (કચરો) નો કબાટ, કેટલા અવ્યવસ્થિત કપડા પડેલા છે?

પાયલઃ અરે મમ્મી, હાલ લોકડાઉનને લીધે ક્યાંય બહાર જવાતું નથી. આથી વોર્ડરોબની સામે જોવે છે કોણ! લાગતા કપડા ને ચીજવસ્તુ લઈને કબાટ બંધ (હાથેથી બંધનો ઈશારો કરતી)

પુનિતાઃ એટલે શું કપડાં આ રીતે રાખવાના? લોકડાઉન તો કાયમ નથી રહેવાનું. ઉલટાનું આ લોકડાઉનને હિસાબે આપણી પાસે શાંતિની અને નિરાંતની પળો મળી છે. જેનો ઉપયોગ કરીને તારો કબાટ વધારે વ્યવસ્થિત રાખવાનો મોકો મળ્યો છે આ લોકડાઉનનો સમય પૂર્ણ થતા આપણે બહાર પડીએ ત્યારે આજ રંગબેરંગી કપડાથી આપણે સુંદર દેખાયે એ કાળજી આપણે જ લેવાની છે ને? જેમ શરીર ને મનને ફીટ રાખવા માટે આપણે યોગા, વર્કઆઉટ વગેરે કરીએ છીએ તે જ પ્રમાણે કપડાની કાળજી લઈએ, તેને આપણે પહેરીશું તો આપણી પર્સનાલિટીમાં અનેકગણો વધારો થશે.

પાયલઃ સાચું કહું મમ્મી, આ બધી ડ્રેસીસની કેર કેવી રીતે કરવી તે જ સમજાતું નથી. દરેક ડ્રેસીસના ફેબરીક, કલર, એમાં કરેલું વર્ક, એટલા બધા ડિફરન્ટ છે કે કઈ રીતે તેમની કેર કરવી, કઈ રીતે તેમાં થતાં ડેમેજને રોકવું, તેમાંથી એક પ્રકારની વાસ રોકવી એ સર્વ પ્રકાર સમજાતો નથી. એટલે હું તો કપડા ફોલ્ડ કરીને અને હેન્ગ કરીને વોર્ડરોબમાં રાખી દઉં છું.

પુનિતાઃ બેટા કપડાને પણ હવાની, સૂર્યપ્રકાશની જરૂર હોય છે. એમાં આ તો વર્ષરાણીની મોસમ છે. વાતાવરણમાં ભેજ બહુ જ હોય છે. તેથી વોર્ડરોબમાં આરામ કરતા કપડા ઉપ તો વિશેષ ધ્યાન આપવું પડે. કેવળ ડ્રેસને કે સાડીને બજારમાંથી ખરીદવા અને તેને વોર્ડરોબમાં સજાવી દીધા એટલું જ પૂરતું નથી. તેને સારા અને સુંદર રાખવા માટે થોડા તો પ્રયાસ કરવા પડે.

ખરૂં કહું પાયલ, આ વર્ષ–દોઢ વર્ષથી કબાટની અંદર કેદ થયેલા મોંઘા મોંઘા કપડાને, દાગીનાને કઈ રીતે તાજા શ્વાસ આપવા, એની સુંદરતા ટકાવી રાખવી એ સવાલ તો હાલ દરેક મહિલાની ચિંતાનો વિષય હશે.

પાયલ બેટા દરેક પ્રોબ્લેમનો ઉકેલ તો હોય જ છે. હા, તેના વિષે વિચારોને તેના ઉપર કામ કરવાની જરૂર હોય છે. થોડો પરિશ્રમ લેવાની જરૂર હોય છે. આપણા જુદા જુદા મટીરીયલ ને ફેબરીકવાળા કપડાની સંભાળ કરવાના ઉપાયો શોધવા પડે. તેને અમલમાં મૂકવા પડે.

જેમ કે હાલ તું વર્ક ફ્રોમ હોમ કરે છે. તારે વીડિયો કોલીંગ હોય, મિટીંગ હોય તો, તારે અમુક ડ્રેસ પેહરવા

પડે છે. તે સર્વ ડ્રેસને સહેલાઈથી કબાટમાંથી બહાર કાઢી શકીએ એ રીતે મૂકવાના અને તેનો ઉપયોગ કરીને ફરી પાછા સરસ ઘડી કરીને મૂકી દેવાનાં. લોકડાઉન પૂરૂં થતાં આ જ કપડાને ફરી પહેરતા નવા જ લાગે.

અમુક ડ્રેસને ઉલટો ઘડી કરવાનો, એટલે અંદરની સાઈડ ને બહારની બાજુ કરીને ઘડી કરવાની આથી તેનો કલર અને ચમક એવા ને એવા રહે. કપડાને પણ હવાની ગરજ છે. મેં કહ્યું એમ, કપડાને કબાટમાં ખૂબ જ વ્યવસ્થિત રીતે ગોઠવવાનાં જેથી કપડાને હવા મળતી રહે. એક જ ખાનામાં કપડાં ઠાંસી ઠાંસીને નહીં ભરવાના. બીજું એ કે ઠાંસીને કપડા ભરવાથી એક કપડાનો કલર બીજા કપડાને લાગે. વળી વર્કવાળા કપડાને નુકશાન પહોંચવાની શક્યતા રહે છે. વધારામાં કપડામાં કરચલીઓ ખૂબ જ પડી જાય છે. દેખાવે ચૂથા જેવા લાગે છે.

પાયલ તને ખબર છે. અમે પહેલા કપડામાં વાસ ન બેસે કે તેમાં કોઈપણ જાતના જંતુઓ ન થાય એ માટે કાળીજીરીની તથા લવીંગની કપડાની નાની નાની પોટલીઓ વાળીને કપડાની વચ્ચે મૂકી દેતા. આજકાલ તો નેપ્થેલીન (ડામરની ગોળી) ની ગોળીઓ ઘણાં ફ્લેવરમાં મળવા લાગી છે. સુગંધી પાવડરની પૂડીઓ પણ મળવા લાગી છે. તે બજારમાંથી લાવીને તમારે કપડાની વચ્ચે અને કબાટમાં રાઈટ પ્લેસ ઉપર મૂકવાની રહે છે. તેથી ડ્રેસ અને સાડીઓ ફ્રેશ અને સુગંધી રહે છે. એટલું ખાસ ધ્યાન રાખવાનું કે ડામરની ગોળીઓને કપડાની અંદરના ભાગમાં નહીં રાખવાની તેનાથી કપડામાં ડાઘા પડે છે.

દરેક કપડાને તેની સીઝન પ્રમાણે ગોઠવવાનાં. જેમ કે ઠંડીની સીઝનના કપડા સ્વેટર, સાલ, જેકેટ્સ કે ગરમ કપડાં વગેરે જેનો ઉપયોગ માત્ર આપણે ઠંડીની સીઝનમાં જ કરવાનાં છીએ તેને અલગથી એક સૂટકેસમાં ડામરની ગોળી કે પાવડરની પૂડી સાથે સરસ રીતે ગોઠવીને પેક કરી દો તો તમારા વોર્ડરોબમાં ઘણી જગ્યા થઈ જશે. એવી જ રીતે મોનસૂનનાં કપડા, ગરમીના કપડા (સમરવીઅર) ને અલગ અલગ કરીને વોર્ડરોબમાં રાખી શકો છો.

કબાટમાં વધારે જગ્યા તો આપણા લગ્નપ્રસંગના, પાર્ટીઓના અને ઉત્સવો ઉપર પહેરતા કપડા રોકી રાખે છે. મોંઘા, અતિ સુંદર હોય તેમાં ભારે જરીના, મોતીના, હીરાના, જડતરના વર્કથી સુશોભિત હોય તેથી તેની કાળજી પણ ખાસ રીતે કરવાની હોય છે. આવા કિંમતી ને ભારે ભરતકામવાળા કપડાની ઘડી ન કરતા મલમલનાં કે કોટનનાં કપડામાં અથવા ટોવેલમાં વીંટોળીને મૂકવાથી તેમાં રહેલું ભરતકામ બગડતું નથી. તેની ચમક એવી ને એવી જ રહે છે.

નવીનતાના યુગમાં વેક્યુમ બેગનો ઉપયોગ લોકો વધારે કરતાં થયા છે. આ વેક્યુમ બેગમાં કપડા સરસ રીતે સેફ રહે છે. તેનો ઉપયોગ બહારગામ જતી વખતે કરો તો તમારા કપડા વ્યવસ્થિત રહે છે. બહારના વાતાવરણની અસરથી કપડાનું રક્ષણ થાય છે. વેક્યુમ બેગ હેન્ડ કરવાવાળી પણ આવે છે.

અમુક મટીરીયલ બહુ જ નાજુક હોય છે. તે મટીરીયલના ડ્રેસ કે સાડી ઘડીએ ઘડીએ ચીરાઈ જાય છે. તેવા નાજુક કપડાની ઘડી વારેવારે બદલતી રહેવી પડે છે. ઘણા ફેબરીક ખૂબ જ સુંદર હોય છે. તે કપડાને પ્રેસ કરવાની ચિંતા કે ન તેના કલર કે વર્કને નુકશાન થવાનો ભય, એકદમ લીઝીબીઝી ટાઈપના. જ્યારે પહેરો ત્યારે નવા ને સુંદર લાગે.

કોઈપણ મટીરીયલ કે ફેબરીક હોય, તેના માટે સૂર્યપ્રકાશ અને હવા અનિવાર્ય હોય છે. માટે જ્યારે પણ આપણા ઘરની અંદર સૂર્યપ્રકાશ આવતો હોય, ત્યારે કપડાને ખોલીને મૂકી દેવાના. તેથી કપડામાંની વાસ ઉડી જાય. બારીક જંતુ લાગ્યા હોય તો એ પણ મરી જાય. કપડા ફરી તાજામાજા થઈ જાય. આ રીતે કપડાને અને

આપણા વોર્ડરોબને અતિ સુંદર સુવ્યવસ્થિત રાખી શકીએ છીએ.

પાયલ: મમ્મી ઘણા કપડાની તો ડિઝાઈન જૂની થઈ ગઈ છે. ફેશનમાં પણ નહીં હોય.

પુનિતા: હું સમજી શકું છું તારો પ્રોબ્લેમ. પાયલ હાલ લોકડાઉનની ખરાબ અસર આખા વિશ્વના વેપાર ઉપર થઈ છે. જલ્દીથી નવી ફેશન વિષે આપણે એઝ્યુમ પણ કરી શકતા. રેગ્યુલર તો ઈશ્વર જાણે ક્યારે થશે. બેટા એમાં નારાજ કે દુ:ખી થવાની જરૂર નથી. તું તારા જૂના કપડાને પણ નવો લૂક આપી શકે છે.

પાયલ બેટા હવે તો અપડેટ રહેવ માટે નવીન ટ્રેન્ડ પ્રમાણે ક્યા ડ્રેસ સાથે કેવા ટોપ્સ, કૂર્તા, શર્ટ, વેસ્ટર્ન કે ટ્રેડીશનલ ડ્રેસ સારો લાગશે તેના માટે પ્રિન્ટ્રેસ્ટ, ઈન્સ્ટાગ્રામ ઉપર ફેશન પેજ જોઈને આપણે સતત નવીન પ્રયોગ કરી શકીએ છીએ. આ રીતે આપણી પાસે પડેલા ડ્રેસીસ અને સાડીઓને તું અપસાઈકલ કરી શકે છે.

ગયા વર્ષે બોલીવુડ એક્ટર રીતેશ દેશમૂખે પોતાની મમ્મીની સાડીમાંથી પોતાના માટે અને તેના બન્ને દીકરા માટે કૂર્તાઓ, દિવાળીની પૂજા માટે બનાવ્યા. આ રીતે તેને સાડીને અપ-સાયક્લીન કરીને નવો ડ્રેસ બનાવ્યો. આપણા બધા માટે આ મેસેજ છે.

સમયનો ઉપયોગ માત્ર મનુષ્ય જ કરી શકે છે. જે માનવસમયનો ઉપયોગ કરીને જીવે છે ને એ હંમેશાં તેના જીવનમાં અપડેટ રહે છે. ખાલી કપડાની બાબતમાં નહીં, જીવનનાં કોઈપણ પાસામાં કે પરિસ્થિતીમાં એ હંમેશાં આગળ ને મોખરે ઉભો હોય છે.

## કહેવતનો અર્થ

### વાતનું વતેસર

સાવ નહીં જેવી વાતને જૂદું સ્વરૂપ આપી દેવું એ આ કહેવતનો સાર.

કાંતા અને શાંતા બે પડોશી, પણ સંપ જેવું નહીં. એક વાર શાંતા એના આંગણામાં કપડાં સૂકવતી હતી. એણે કપડાં ઝાટક્યાં અને સૂકવ્યા. એના થોડા છાંટા કાંતાના આંગણામાં ઉડ્યા.

કાંતા બોલી: જો તો ખરી... જ્યારે બગાડવાનું મન થાય ત્યારે મારૂં જ આંગણું બગાડવાનું?

શાંતાએ કહ્યું: ચિંતા ન કરો. હું લૂછી નાંખીશ.

કાંતા બોલી: તુ લૂછે અને બીજા લોકો જુએ તો લોકોને તો એવું જ લાગે ને કે હું તારી પાસે કામ કરાવું છું.

શાંતાએ કહ્યું: તો આ કપડું લો અને તમે જાતે લૂછી નાખો.

કાંતાનો જવાબ હાજર હતો: મને તો ખબર જ હતી કે પોતે શેઠાણી થવા માગે છે અને મારી પાસે બધું જ કામ કરાવવા માગે છે. મને ખબર છે કે તારી પાસે શહેરથી નવા કપડા આવે છે એ બતાવવા છે એટલે જ આવું કરે છે.

શાંતાએ કહ્યું: એવું નથી.

કાંતા બોલી: તારો કુંવારો ભાઈ શહેરમાં રહે છે અને પૈસાવાળો છે એટલે જ તું આવું કરે છે કે આવાં કપડાં જોઈને કોઈ તારા ભાઈ વિશે પૂછવા આવે, એનું માગું આવે, બરાબર ને?

અંદર રહેલા કાંતાના વરે જોરથી કહ્યું: ક્યાંથી ક્યાં વાત ખેંચે છે તું? વાતનું વતેસર શું કામ કરે છે?

કાંતા બોલી: એટલે તમે પણ શાંતાના જ પક્ષમાં છો? હવે બોલો વાતનું વતેસર કોણ કરે છે?

- ચિત્રલેખામાંથી સાભાર...

# હૈયાની વાત હોઠ સુધી...

મારી સાથે બેસીને સમય પણ રડ્યો!
એક દિવસ બોલ્યો, તું મસ્ત વ્યક્તિ છે.
હું જ ખરાબ ચાલી રહ્યો છું.

શું આપણે થોડા અલગ ના બનીએ,
ખુશ રહેવાની સલાહ ના આપીને
ખુશ રહેવાનું કારણ બનીએ..!!!

સુખ નાની બાબતોમાં શોધતા આવડવું જોઈએ. તો જ દુ:ખ ડોરબેલ વગાડ્યા સિવાય આપણાં ઘર પાસેથી પસાર થઈ જશે.

વાક્ય બનવા શબ્દોનું જોડાણ જરૂરી છે, પણ સંવાદ માટે તો મનનું જોડાણ જરૂરી બને છે.

જ્યારે અંત થયો હોય,
ત્યાંથી નવી શરૂઆત કરો,
જે મળવાનું હોય છે,
એ ગુમાવેલા કરતાં
હંમેશાં સારૂં જ હોય છે.

જીવન શું છે?
નાનપણમાં હોમવર્ક.
જવાનીમાં હોમલોન.
ઘડપણમાં હોમ અલોન.
પછી ઘેર બેસીને કરો
અનુલોમ–વિલોમ.

એકાંત એ પોતાની
પસંદગી છે, અને
એકલતા એ સ્વજનોએ
આપેલો ઉપહાર છે.

સુખના કોઈ ઈંજેક્શન નથી,
કે દુ:ખની કોઈ દવા નથી.
સંબંધોની હૂંફ જો સમયસર
મળે તો માણસ ટકી જાય છે.

ત્રાજવું લઈને બેસવાની
મનની વૃત્તિ આપણાં મનને
કાયમ અશાંત જ રાખે છે...

પોતાની તાકાત પર
જેમને ઘમંડ છે,
એમને જઈને પૂછજો,
શું એ પોતાની અર્થી
પોતાના હાથે ઉપાડી શકે છે?

જિંદગીમાં જ્યાં સુધી તમે
યાદ રાખો છો, ત્યાં સુધી
ગઈકાલ જીવે છે, અને જ્યાં સુધી
તમે આશા રાખો છો ત્યાં સુધી
આવતીકાલ તમારી રાહ જીવે છે.

કેળવણી અને સંસ્કાર
જિંદગીના મૂળ મંત્ર છે.
કેળવણી કદી ઝૂકવા
દેતી નથી અને
સંસ્કાર કદી પડવા દેતા નથી.

જે દિવસે આપણે એવું સમજવા
લાગીશું કે સામેવાળો વ્યક્તિ
ખોટો નથી, માત્ર એના વિચારો જ
આપણામાંથી જુદા છે,
એ દિવસથી જીવનના બધા જ
દુ:ખો સમાપ્ત થઈ જશે.

પુસ્તકની જે વ્યક્તિઓને
પણ વાંચતાં શીખવું પડશે.
સાહેબ, કારણ કે પુસ્તકો
જ્ઞાન આપે છે અને
વ્યક્તિઓ અનુભવ!!!

લાગણીનો સંબંધ એટલે...
સારા સમયમાં જળવાય,
અને
ખરાબ સમયમાં ઓળખાય!

શરીર સુંદર હોય કે ના હોય,
પરંતુ
શબ્દો જરૂર સુંદર હોવા જોઈએ!

પૈસા તો બધાય કમાય છે, દોસ્તો
ક્યારેક દુવા પણ કમાવી જોઈએ,
કારણ કે જ્યાં પૈસા કામ નથી કરતાં
ત્યાં દુવા કામ કરતી હોય છે!

ખોટી જગ્યાએ
વિશ્વાસ ના કરશો
અને
સાચી જગ્યાએ
વિશ્વાસઘાત ના કરશો.

# વાનગી વિભાગ

- નીતાબેન ગાંધી (અમદાવાદ)



## ખાજા

**સામગ્રી :** ૧/૪ કપ તેલ, ૧/૪ કપ હૂંફાળું પાણી, ૩/૪ કપ મેંદો, ૧/૪ નાની ચમચી બેકીંગ સોડા, ૧ મોટી ચમચી મરી પાવડર, ૧ નાની ચમચી સફેદ મરચાનો પાવડર, ૧/૪ ચમચી હળદર, સ્વાદ મુજબ મીઠું, તળવા માટે તેલ

**રીતઃ** એક બાઉલમાં તેલ અને હૂંફાળું પાણી લઈ અને એમાં ખાવાનો સોડા નાખો અને એને બે થી ત્રણ મિનીટ મોટા વિસકરથી સરસ ફીણી લેવું.

ત્યારબાદ તેમાં મીઠું, હળદર, મરી પાવડર અને સફેદ મરચાનો પાવડર નાખીને સરસ મિક્સ કરો.

ત્યારબાદ તેમાં થોડો મેંદો નાંખો અને એને હાથથી સરસ ફીણી લો. પહેલા ત્રણ ચમચી મેંદો નાંખો. એને બરાબર ફેંટી લો. ત્યારબાદ બીજી ત્રણ ચમચી મેંદો નાખો. એને પણ સરસ ફીણી લો. આ રીતે થોડો થોડો મેંદો નાખીને લોટ બાંધી લો. પરાઠા જેવો લોટ બાંધીને મશળી લો ને એને સોફ્ટ કરી લો.

લોટ સરસ બંધાઈ જાય એટલે એના એકસરખા ત્રણ ભાગ કરી લો. બે ભાગને ઢાંકીને રાખી દો અને એક ભાગમાંથી નાના લુવા તોડી લો. પાણીપુરીની પુરી બનાવે એવા નાના-નાના લુઆ તોડી લેવાના છે. એક પેન ગરમ કરો. એમાં ૧/૪ કપ પાણી નાખી અને એમાં લુવા નાખી ધીમા તાપે કુક કરી લેવા. સતત ફેરવતા લોટ પરોઠા જેવો થઈ જાય ત્યાં સુધી કુક કરી લેવો. ગેસની ફ્લેમ ઓફ કરીને લોટને થોડો ઠંડો કરી લેવાનો અને ત્યારબાદ ત્રણે લોટને ભેગા કરી નાખવાના. જે સાઈડમાં બે લોટના ભાગ રાખ્યા હતા એને અને આ રાંધેલા લોટને ભેગો કરીને મિક્સ કરીને લોટ તૈયાર કરી લો.

એમાંથી નાના-નાના ૮ ભાગ કરી લો અને હાથથી મસળીને એને પૂરીની જેટલો થેપી લેવાના છે અને ત્યારબાદ હાથથી આંગળીથી એમાં હોલ કરી લો. આજ રીતે બાકીના ખાજા બનાવી લો.

મીડિયમ ફ્લેમ પર તેલને ગરમ કરી ખાજાને ફ્રાય કરી લો.

તૈયાર છે આપણા સુરતના ફેમસ સરસીયા ખાજા.

## સેન્ડવીચ ઢોકળા

**રીતઃ** ૧ વાટકી ચણાની દાળ, ૨ વાટકી ચોખાને મિક્સ કરી લોટ દળી લો.

તેને દહીં અને પાણીથી મિક્સ કરીને ખીરૂં બનાવી ૭ થી ૮ કલાક આથો આવવા દો.

તેમાં આદુ-મરચા પેસ્ટ, મીઠું અને સોડા નાખી મિક્સ કરી લો.

ખીરાના બે એક સરખા ભાગ અને એક અડધો કપનો ભાગ કરી લો.

એક ભાગમાં હળદર અને થોડું લાલ મરચું ઉમેરી લો. બીજા ભાગમાં કંઈ ન ઉમેરવું.

ત્રીજા અડધા કપવાળા ભાગમાં લીલી ચટણી ઉમેરીને મિક્સ કરવી.

એક ગ્રીસ કરેલ થાળીમાં થોડું સાદું ખીરૂ રેડી, ૫ મિનીટ પકાવી લો. પછી તેમાં ચટણીવાળું ખીરૂં રેડીને ૩ મિનીટ પકાવી લો. પછી હળદર મરચાવાળું ખીરૂં રેડી, બીજી ૭ મિનીટ પકાવી લો એટલે ઢોકળા તૈયાર.

એક વઘારીયામાં ૨ ટેબલ સ્પૂન તેલ મૂકી ગરમ થાય એટલે રાઈ નાખી તતડે એટલે હીંગ, કાપેલા લીલા મરચા અને લીમડો નાખી ઢોકળા પર વઘાર રેડી દો.

કોઈપણ ચટણી કે સોસ સાથે પીરસો.

## વાટી દાળના ખમણ

**સામગ્રી :** ૧ વાટકી ચણાની દાળ, ૧/૪ ચમચી લીંબુંના ફૂલ, ૧ કપ દહીં, ૧/૪ ચમચી હળદર, ૧ ચમચી ઈનો સાદો ફ્લેવર વગરનો, ૧ ચમચી લીલા મરચાં અને આદુની પેસ્ટ, ૨ નંગ લીલાં મરચાં ઉભા કાપીને, ૧ ચમચી ખાંડ, ૧ ચમચી રાઈ, ૫ ચમચી તેલ, ૧/૪ ચમચી હીંગ, મીઠું સ્વાદ અનુસાર.

**રીતઃ** સૌથી પહેલાં દાળને પાણીથી ધોઈ ૫ કલાક પલાળી રાખો.

પછી મિક્સરમાં ચણાની દાશળ અને લીંબુના ફૂલ અને દહીં નાખીને ક્રશ કરી લો. થોડું કરકરૂં રાખવું.

બાઉલમાં કાઢીને તેમાં મીઠું, લીલા મરચાં, આદુ, ખાંડ નાંખો. પછી તેમાં ઈનો નાખીને બરાબર મિક્સ કરીને તેલથી ગ્રીસ કરેલ ઊંડા વાસણમાં આ ખીરૂ રેડો.

એક તપેલામાં પાણી લઈ કાંઠલો મૂકી, તેના ઉપર આ વાસણ મૂકીને ૧૫ મિનીટ સુધી ચઢવા દો.

બહાર કાઢી ઠંડુ થવા લાગે ત્યારે એક કડાઈમાં તેલ મૂકી તેમાં રાઈ, હીંગ, લીલા મરચાં નાખીને વઘાર કરો. આ વઘાર ખમણની ઉપર ફેલાવી દો અને મિક્સ કરો.

બસ, તૈયાર છે વાટી દાળના ખમણ.

## પાનના લાડુ

**સામગ્રી :** ૧૦ નંગ નાગરવેલના પાન, ૨૦૦ મિલી કન્ડેન્સ્ડ મિલ્ક, ૨૫૦ ગ્રામ કોપરાની છીણ, થોડો લીલો ફૂડ કલર, સ્ટફીંગ માટે : ૫ ચમચી ગુલકંદ, ૧ ચમચી વરીયાળી, ૧ ચમચી ધાણાદાળ, ૪ નંગ ઈલાઈચીના દાણા, ૧ ચમચી ટૂટીફૂટી

**રીતઃ** મિક્સર જારમાં કન્ડેન્સ્ડ મિલ્ક નાગરવેલના પાન પીસી લેવા. બાઉલમાં કાઢી કોપરાની છીણી, લીલો ફૂડ કલર મિક્સ કરી આઉટર લેયર તૈયાર કરવું.

બાઉલમાં સ્ટફીંગની સામગ્રી મિક્સ કરી, પાનના મિશ્રણનો કટોરી જેવો આકાર કરી, વચ્ચે સ્ટફીંગ ભરી લાડુ તૈયાર કરવા. કોપરાની છીણમાં રગદોળી પાનના લાડુ તૈયાર કરવા.

## કેસર પેંડા

**સામગ્રી :** ૧ લિટર ભેંસનું દૂધ, ૮૦ ગ્રામ સાકર, ૮૦ ગ્રામ કાજુભૂક્કો, કેસર, એલચી પાડવર, બદામ, પિસ્તા

**રીતઃ** દૂધને ઉકાળવા મૂકવું. ૩/૪ (પોણું) બળી જાય પછી તેમાં સાકર નાખવી સાથે કેસર નાખવી. પછી સ્ટીકી જેવું થાય એટલે કાજુ ભૂક્કો, એલચી નાખવી. છેલ્લા શીરા જેવું ગોળ ગોળ ફરે એટલે નીચે ઉતારી લેવું. થોડું ઠંડું પડે પછી પ્લાસ્ટીકમાં મૂકી મસળવું. નાના લૂઆ કરી (લગભગ ૨૦ થશે) ગોળ વાળી લેવા. પછી વચ્ચે ખાડો કરી બદામ, પિસ્તા વડે ગાર્નીશ કરી બાઉલમાં ગોઠવવા.

# સંસ્થા સમાચાર

શ્રી દશા મોઢ માંડલિયા વણિક મહાજન, કૃષ્ણનગરની સામાન્ય સભા તા. ૧૨–૦૯–૨૦૨૧ ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે શબરી ગાર્ડન રેસ્ટોરન્ટ, શ્યામ દર્શન, ડી–માર્ટ રોડ, નિકોલ, અમદાવાદમાં સને ૨૦૨૦–૨૧ ના વાર્ષિક હિસાબો મંજૂર કરવા, વર્ષ ૨૦૨૧–૨૨ માટે ઓડીટરની નિમણૂંક કરવા તથા વર્ષ દરમિયાન થયેલ પ્રવૃત્તિની ચર્ચા કરવા માટે મળેલ. આ જનરલ મિટીંગમાં સારી એવી સંખ્યામાં સભાસદો હાજર રહેલ.

જનરલ મિટીંગની શરૂઆતમાં સૌ પ્રથમ સંસ્થાના સ્વ. પ્રમુખશ્રી ઈશ્વરભાઈ દોશી તેમજ સમસ્ત અમદાવાદ સમાજના કોષાધ્યક્ષ સ્વ. શ્રી સુધીરભાઈ ગાંધીના દુ:ખદ અવસાનની નોંધ લઈ, તેમના આત્માની શાંતિ માટે તેમજ કોરોનાકાળમાં સમાજના અવસાન થયેલ સભ્યો માટે બે મિનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ. ત્યારબાદ સ્વાગત પ્રવચન તથા વર્ષ દરમિયાન કરેલ પ્રવૃત્તિની માહિતી મંત્રીશ્રી રાજુભાઈ દામાણીએ આપેલ. ત્યારબાદ કાર્યકારી પ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઈ પારેખ દ્વારા જુદી જુદી વિગતો અને તે અંગેની માહિતી આપેલ તેમજ વાર્ષિક હિસાબો ખજાનચી શ્રી કૌશિકભાઈ પટેલે વાંચી સંભળાવેલ. જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ.

ત્યારબાદ સંસ્થાની કારોબારીની મુદત પૂરી થતી હોઈ, નવી કારોબારીની રચના કરવા માટે કાર્યવાહી હાથ ધરેલ. સંસ્થા દ્વારા રાબેતા મુજબ સિલેક્શનથી નવા ટ્રસ્ટીઓની તેમજ હોદ્દેદારોની નીચે મુજબ નિમણૂંક થયેલ.

(૧) ભૂપેન્દ્રભાઈ પારેખ (પ્રમુખ)
(૨) જીતેશ (રાજુભાઈ) એમ. દામાણી (ઉપપ્રમુખ)
(૩) ભરતભાઈ એચ. કલ્યાણી (મંત્રી)
(૪) સતીષભાઈ બી. શાહ (સહમંત્રી)
(૫) ચંપકભાઈ બી. મુછાળા (ખજાનચી)
(૬) જયેન્દ્રભાઈ એમ. શાહ (સહ ખજાનચી)
(૭) કૌશિકભાઈ સી. પટેલ (કારોબારી સભ્ય)
(૮) પ્રદીપભાઈ ટી. દોશી (કારોબારી સભ્ય)
(૯) શૈલેષભાઈ એચ. કલ્યાણી (કારોબારી સભ્ય)
(૧૦) અશોકભાઈ પી. મહેતા (કારોબારી સભ્ય)
(૧૧) હરેશભાઈ એસ. દામાણી (કારોબારી સભ્ય)
(૧૨) સંજયભાઈ જી. અંબાણી (કારોબારી સભ્ય)
(૧૩) જયેશભાઈ એન. શાહ (કારોબારી સભ્ય)
(૧૪) આશીષભાઈ જી. મહેતા (કારોબારી સભ્ય)
(૧૫) બ્રીજેશભાઈ આઈ. દોશી (કારોબારી સભ્ય)

ઉપરોક્ત વિગત મુજબ નવી કારોબારીના તમામ ટ્રસ્ટીશ્રીઓ/હોદ્દેદારોએ તમામ સભ્યોનો આભાર માનેલ તેમજ સહમંત્રી શ્રી સતીષભાઈ શાહે આભારવિધી કરેલ.

ત્યારબાદ દરેક સભાસદો રેસ્ટોરન્ટમાં લંચને ન્યાય આપીને છૂટા પડેલ.

**- ભરતભાઈ એચ. કલ્યાણી**
**(માનદ્ મંત્રી)**

# શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ

(ટ્રસ્ટ રજી.નં. ઈ-૮૯૬૫, અમદાવાદ)

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ. ફોનઃ ૦૭૯-૨૨૧૪૪૩૪૩

## સંસ્થાના સભ્ય થવા માટેનું ફોર્મ

હું આપણી સંસ્થાનો સભ્ય થવા ઈચ્છું છું. સંસ્થાના ધારા-ધોરણ અને નિયમોને આધીન હું સભ્ય થવા અને સંસ્થાના નિયમો પાળવા હું અને મારા પરિવારના સભ્યો અમારી સંમતિ આપીએ છીએ. જરૂરી માહિતી નીચે મુજબ છે.

નામઃ ..................................................................................................

(મુખ્ય વ્યક્તિનું નામ) (પિતા / પતિનું નામ) (દાદા / પતિના પિતાનું નામ) (અટક)

મુળ વતનઃ .................... મો.નં.: ..................... ઈ-મેઈલઃ ..................................

રહેણાંકનું પૂરૂં સરનામુંઃ ..............................................................................

..................................................................................................

વ્યવસાય / નોકરીઃ ................................................ ટે.નં.: ..........................

વ્યવસાયનું સરનામુંઃ ..............................................................................

..................................................................................................

પરિવારની કુલ સભ્ય સંખ્યાઃ પુરૂષ ............. મહિલા ............ (૧૮ વર્ષથી નીચેના સંતાનો) ...........

અમદાવાદમાં કેટલા સમયથી વસવાટ કરો છો? ..................................................

---

કોઈ સંસ્થામાં કાર્યકર / હોદ્દેદાર તરીકેનો અનુભવ હોય તો તેની વિગતઃ ..............................

સંસ્થાના પરીચિત વર્તમાન સભાસદનું નામઃ ..................................................

સભાસદનો સભ્યપદ નં.: ............................ સભાસદનો મો.નં.: ............................

સભાસદનું પૂરૂં સરનામુંઃ ..............................................................................

---

સંસ્થાની આજીવન સભ્યપદ ફીના રૂા.: ............................ આ સાથે મોકલેલ છે.

(રોકડા / ચેક / ટ્રાન્સફરની વિગતઃ ..................................................................)

**નોંધઃ (૧) ફોર્મ સાથે રહેણાંકનું છેલ્લું ઈલેક્ટ્રીક બીલ સામેલ કરવું. (૨) અધૂરી માહિતીવાળું ફોર્મ રદ થશે. (૩) સભ્યપદની અરજી કારોબારીમાં મંજૂર થશે તો જ સભ્યપદ ચાલુ થશે.**

---

તારીખઃ ................ અરજદારની સહીઃ ..................................

સભ્યપદ મંજૂર / નામંજૂર .................. તારીખઃ ..................

**સંસ્થાના પદાધિકારીની સહી**

CELEBRATING 50th GOLDEN JUBILEE YEAR

Since 1969

SHREE GANESH ™

# ૫૦ વર્ષનો
# અતુટ વિશ્વાસ

## આજ કા સ્વાદ કલ કી સુરક્ષા




હિંગ　કાશ્મીરી મરચું　મરચું　હળદર　ધાણાજીરૂ

## HARIHAR FOODS PVT. LTD.

(An ISO 22000:2005 Certified Company)

519/1, Phase IV, Ramol Chokdi, G.I.D.C. Vatva, Ahmedabad

www.shreeganeshmasala.com • Like us on



# ડો. પરીન દિપકભાઈ પટેલ

**MBBS MS FHNS**

## મોઢા અને ગળાના કેન્સર સર્જન

(કન્સલટન્ટ હેડ એન્ડ નેક કેન્સર સર્જન
HCG કેન્સર સેન્ટર, અમદાવાદ)

ASTHA Oncology Associates

Fellow IFHNOS - MSKCC USA
ટાટા મેમોરિયલ (મુંબઈ)
AIMS (કોચી)

**મોઢા અને ગળાના દરેક પ્રકારના કેન્સર જેવા કે,**

- ગલોફાના
- જીભ
- ટોન્સિલ (કાકડા)
- થાઈરોઈડ ગ્રંથિ
- પેરોટિડ (લાળગ્રંથિ)
- સ્વરપેટી
- નાક, કાન અને સાયનસને

લગતા તમામ કેન્સરની સંપૂર્ણ સારવાર ઉપલબ્ધ...

**જ્ઞાતિજનો માટે સાચી સલાહ, સચોટ નિદાન તેમજ વ્યાજબી સારવાર અત્યંત આધુનિક અભિગમથી...**

... સંપર્ક ...

HCG adding life to years

## HCG કેન્સર સેન્ટર,

સોલા બ્રિજ પાસે, એસ.જી. હાઈ–વે, અમદાવાદ.
Mo. No. 9898901813 / 9898767537
E-mail : parinqp2002@gmail.com